*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




જાન્યુઆરી, ૧૯૮૦ [ ૪૩૫ ] વર્ષ ૩૬ : અંક ૭

# ❀ આનંદામૃત નિત્ય ભોજી જ્ઞાન ❀

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्
क्रीडन्तं रसभावनिर्भरमहानाट्येन बन्धं धुनत्।
आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाटयद्
धीरोदारमनाकुलं निरूपधि ज्ञानं समुन्मज्जति।।

(શ્રી સમયસાર શ્લોક : ૧૬૩)

શુભ-અશુભ રાગ મારો નથી-એમ સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂર કરતું પ્રગટ થાય છે એમ કળશ દ્વારા કહે છેઃ-

અરેરે! શુભાશુભ વિકારી પરિણામનો જેણે દારૂ પીધો છે, એના વડે જેણે સમસ્ત જગતને ગાફેલ કર્યું છે, ગાંડુ કર્યું છે, શુભાશુભ ભાવ મારો છે એવા વિકારી પરિણામના દારૂથી જગતના જીવો ગાંડા થયા છે. જે ભાવ પોતાનો નથી એવા શુભાશુભને પોતાના માનીને જીવ ગાંડો થયો છે. વસ્તુમાં રાગાદિ નથી પણ રાગાદિ પર્યાયમાં છે તેને મારા માન્યા છે તે ગાંડપણ છે. પર વસ્તુને મારી માને છે પણ પર વસ્તુ તો પર્યાયમાં નથી. પર્યાયમાં જે શુભાશુભ છે તેને મારા માનીને ગાફેલ થઈ ગયો છે.

જે વિકારનો ભાવ ઉદિત થાય છે કે જે સ્વભાવમાં નથી તેમાં જે એકાકાર થાય છે એવું સમસ્ત જગત મતવાલું થયું છે. દિગમ્બર દ્રવ્યલિંગી થયો પણ રાગ મારો છે એવો દારૂ પીધો હોવાથી તે પાગલ છે, ભલે સ્ત્રી-પુત્ર -રાજપાટ છોડયા હોય! જે જેનું નથી તે તેનું માનવું એ તો પાગલપણું છે. શુભાશુભભાવને-વિકારી ભાવને પોતાના માન્યા છે તે ગાંડપણ છે, એ રાગરૂપી ઘેલછા વડે જે નાચી રહ્યો છે એવા બંધને કોણ દૂર કરે છે?-કે જ્ઞાન તેને દૂર કરે છે.

શુભાશુભ ભાવના ઉદયમાં તે મારા છે એમ ઘેલછાથી નાચતો હતો તે હવે જ્ઞાન ઉદિત થવાથી દૂર થયો. હું તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છું, રાગ મારામાં નહિ, રાગ મારો નહિ એવું સમ્યક્જ્ઞાન ઉદિત થયું ને ત્યાં ઘેલછા દૂર થઈ. સૂર્યનો ઉદય થયો, ત્યાં અંધકારનો નાશ થયો તેમ જ્ઞાનનો ઉદય થયો ત્યાં બંધનો નાશ થયો.

એ જ્ઞાન કેવું છે?-કે એ જ્ઞાન આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. એ જ્ઞાન અપૂર્વ લબ્ધિ છે કે જે લબ્ધિ પૂર્વે કદી પ્રાપ્ત થઈ નથી. આનંદના

[ અનુસંધાન પાનું ૩૩ ]

વાર્ષિક લવાજમ છ રૂપિયા
વર્ષ ૩૬ અંક ૭




વીર સંવત ૨૫૦૬
A. D. 1980 JAN.

## શુદ્ધાત્મ-અવલોકન
## जाण अलिंगग्गहणम्।

( શ્રી પ્રવચનસાર, ગાથા ૧૭૨, અલિંગગ્રહણના ૨૦ બોલ ઉપર સંવત્ ૨૦૩૪ માં પૂજ્ય ગુરુદેવશ્રીના વિશિષ્ટ ૧૪ પ્રવચનો થયા હતા તે આત્મધર્મમાં ક્રમશઃ આપવામાં આવશે. )

### ❀ પ્રવચન પહેલું ❀

* વીર સં. ૨૫૦૪, કારતક વદ ૧૨, બુધવાર, તા. ૭-૧૨-૭૭ નું પ્રવચન *

શ્રી પ્રવચનસારશાસ્ત્રમાં જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકારની આ ૧૭૨ મી ગાથા શરૂ થાય છે.

अरसमरुवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं ।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं ।।१७२।।

“હવે ત્યારે જીવનું, શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત, અસાધારણ સ્વલક્ષણ શું છે?” શરીર, વાણી, મન, રાગ, દ્વેષ, ઇન્દ્રિયો કે જે બધાં પરદ્રવ્ય છે તેનાથી ભેદ પાડવાનું, જુદું જાણવાનું લક્ષણ શું? પરથી જુદું જાણવાનું આત્માનું અસાધારણ લક્ષણ કે જે એમાં જ હોય, બીજામાં ન હોય તે શું છે? ધંધાના, કમાવાના, ખાવા-પીવાના ભાવો એકલા પાપના જ પરિણામો છે અને દયા, દાન, વ્રત, ભક્તિ,

શાસ્ત્ર સાંભળવાના ભાવો તે પરિણામો પુણ્ય છે; તે બન્ને પરિણામથી આત્માને જુદો જાણવાનું લક્ષણ શું છે? કારણ કે એ બન્ને ભાવો તેનામાં નથી તેથી જે અસાધારણ લક્ષણથી આત્મા જણાય એટલે કે આત્મજ્ઞાન થાય તથા અતીન્દ્રિય આનંદનો સ્વાદ જીવને આવે ત્યારે ધર્મની શરૂઆત થાય–એ લક્ષણ શું છે? તે આચાર્યદેવ કહે છેઃ–

**છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,**
**વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.**

અન્વયાર્થ :–જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતનાગુણવાળો, અશબ્દ, અલિંગગ્રહણ ( લિંગથી અગ્રાહ્ય ) અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો જાણ.

અહીં આપણે આજે અલિંગગ્રહણની વ્યાખ્યા લેવાની છે. તે મુજબ ‘અલિગગ્રાહ્ય’ એમ કહેવાનું છે તેને બદલે આચાર્યદેવ કહે છે કે જે ‘અલિંગગ્રહણ’ એમ કહ્યું છે તે ઘણા અર્થોની પ્રતિપત્તિ ( પ્રાપ્તિ, પ્રતિપાદન ) કરવા માટે છે.

આચાર્યભગવાન પોતે કહે છે કે “આ પ્રમાણે તું આત્માને જાણ! હું કહું છું તે પ્રમાણે તું જાણ!” આત્મા લિંગથી–ચિહ્નથી જણાય નહિ એમ કહેવાનું છે તેથી અહીં ‘અલિંગગ્રાહ્ય’ શબ્દ જોઈએ તેને બદલે ‘અલિંગગ્રહણ’ એમ જે કહ્યું તે શા માટે?–કે અલિંગગ્રહણ શબ્દ ઘણા અર્થોના પ્રતિપાદન માટે છે. ઘણા અર્થની તેમાં પ્રાપ્તિ છે, ઘણા અર્થના તેમાંથી ભાવો નીકળે છે, તેમાંથી ૨૦ અર્થ તો અહીં કહે છે.

**( ૧ ) ગ્રાહક (–જ્ઞાયક) એવા જેને લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (–જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**

આ અલિંગગ્રહણનો વિષય બહુ ઝીણો છે, ધ્યાન રાખે તો જ સમજાય તેવું છે, એક શબ્દ પણ ચાલ્યો જશે તો સમજાશે નહિ. આ જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન છે, જ્ઞેય એટલે આત્મા જ્ઞેય છે, તે કઈ રીતે જાણે અને કઈ રીતે જણાય એમ કહેવા માટે અહીં અલિંગગ્રહણ શબ્દ વાપર્યો છે. આ તો તદ્દન અપૂર્વ અતીન્દ્રિયગ્રાહ્ય છે તેની વ્યાખ્યા

છે, મુદ્દાની રકમની વાત છે. અનંતકાળથી આત્મા કેમ જણાય અને આત્મા કેમ જાણે– એ વાત જીવે જાણી જ નથી. જગતના બધા ડહાપણ કર્યાં છે, પણ ભગવાન સર્વજ્ઞ જિનેન્દ્રદેવ જેને આત્મા કહે છે તે જાણ્યું નથી. આ જ્ઞેય અધિકાર છે તે સમકિતનો અધિકાર છે. પહેલો જ્ઞાન અધિકાર છે એ જાણવાનો અધિકાર છે. આ જ્ઞેય અધિકાર સમ્યગ્દર્શનનો અધિકાર છે; તો સમ્યગ્દર્શનમાં આત્મા કેમ જણાય અને સમ્યગ્દ્રષ્ટિ આત્મા કેમ જાણે તેની વાત કરે છે.

ગ્રાહક–જ્ઞાયક–જાણનાર એવો જેનો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ છે તે આત્મા, તેને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી, તે ઇન્દ્રિયો વડે જાણવું કરતો નથી. આત્મા અતીન્દ્રિય જ્ઞાનનો પુંજ પ્રભુ છે તેને જાણવાનું કાર્ય કેમ થાય એનો અંતરથી નિર્ણય ક્યારેય જીવે કર્યો નથી અને એ વિના બધા વ્રત, તપ, ભક્તિ, પૂજા કરી કરીને રખડી મર્યો છે.

શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ગાથા ૭૭માં કહ્યું છે કે ‘એ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.’ દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ તે પુણ્ય તે ઠીક છે અને હિંસા, ચોરી, જૂઠ, વિષય, ભોગવાસના તે પાપ તે અઠીક છે–એમ જે કોઈ માને તે ઘોર સંસારમાં રખડવાના છે, નિગોદ અને નરકમાં જવાના છે. શ્રી પરમાત્મપ્રકાશના બીજા ભાગમાં ગાથા ૫૫ માં પણ એ જ વાત કહી છે કે ‘જે જીવ પુણ્ય અને પાપ બન્નેને સમાન નથી માનતો, તે જીવ મોહથી મોહિત થયો થકો ઘણા કાળ સુધી દુઃખ સહન કરીને સંસારમાં ભટકે છે.’ ચાહે તો દયા, દાન, વ્રત, તપના ભાવ કરે, ચાહે તો હિંસા, ચોરી, જૂઠ, વિષય, ભોગના ભાવ કરે, પણ બન્ને ભાવ એક સરખા બંધનના કારણ ને રખડવાના કારણ છે પણ મિથ્યાદ્રષ્ટિ મિથ્યાત્વથી મૂર્છાઈ ગયો છે, ભ્રમણામાં પેસી ગયો છે –ભ્રમણામાં ભૂલી ગયો છે તેથી તે પુણ્ય–પાપને સમાન નથી માનતો; તે કારણે ચારગતિનાં દુઃખો સહન કરીને પરિભ્રમણ કરશે અર્થાત્ એને ધર્મ નહિ થાય એની મુક્તિ નહિ થાય. ‘દુઃખ સહન કરીને’ એટલે એમ કહેવા માગે છે કે ઘણા પુણ્ય કરીને સ્વર્ગમાં જાય પરંતુ ત્યાં પણ દુઃખ જ છે, માત્ર પાપના પરિણામ કરીને નરક, તિર્યંચમાં જાય તો ત્યાં પણ દુઃખ સહન કરે છે –એમ નથી; જીવ પુણ્ય ને પાપના ફળરૂપે ચારે ગતિમાં દુઃખ સહન કરે છે.

શ્રી પરમાત્મપ્રકાશની ગાથા ૫૫ અને શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ગાથા ૭૭ નો એક જ સાર છે. શુભજોગ અને અશુભજોગમાં તફાવત નથી એટલે કે બન્ને એક જ જાતના

છે. પુણ્ય–પાપના ભાવ બન્ને બંધનના કારણ એકરૂપે છે, પાપ કરતાં પુણ્યમાં ફેર છે તે તો વ્યવહારની અપેક્ષાએ છે, પરમાર્થની અપેક્ષાએ તો બન્ને બંધનના કારણ એકરૂપ છે, તેમાં કોઈ ફેર માને કે પુણ્ય તે ઠીક અને પાપ તે અઠીક છે–તે ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે. જો કે અત્યારે બીજે બધે પ્રરૂપણાનો પ્રકાર જ એવો છે કે વ્રત કરો, તપ કરો, ઉપવાસ કરો તેમાં ધર્મ થશે –પણ એ બધી ક્રિયા રાગની (પુણ્યની) છે.

અહીં કહે છે કે પુણ્ય–પાપ વિનાનો ભગવાન આત્મા તેને લિંગો વડે–ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપે બિરાજમાન છે તેને અતીન્દ્રિય જ્ઞાનદ્વારા જાણવું થાય છે, ઇન્દ્રિયો દ્વારા તે આત્માને જાણતો નથી.

આત્મા કેવો છે?–લિંગો વડે–ઇન્દ્રિયો વડે તે જાણવાનું કામ કરતો નથી. પાંચ ઇન્દ્રિયો—કાન, આંખ, નાક, જીભ, સ્પર્શ–છે તે વડે તેને જાણવું થતું નથી, આ વાત તો કેટલાકને આકરી લાગે છે અને કહે છે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી એમ માનનારા એકાન્તવાદી છે. અહીં કહે છે કે ઇન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા જ નથી. ઇન્દ્રિયો છે તે અનાત્મા છે–જડ છે, એ દ્વારા જે જાણવાનું કામ કરે તે અનાત્મા છે. ઇન્દ્રિય દ્વારા શાસ્ત્રને સાંભળે અને તેને જે જ્ઞાન થાય તે પણ ઇન્દ્રિયથી થયેલું જ્ઞાન છે, તેથી આત્માનું જાણવું થતું નથી, આત્મા ઇન્દ્રિય દ્વારા જાણે છે એમ અહીં કહેતા નથી. સાંભળવાથી જ્ઞાન થાય, ઇન્દ્રિયથી જ્ઞાન થાય તેને જાણવું એ આત્માનું કાર્ય જ નથી. કારણ કે જ્ઞાયક અતીન્દ્રિયસ્વરૂપ છે તે અતીન્દ્રિયથી જાણવાનું કાર્ય કરી શકે. જ્ઞાયક ચૈતન્યપ્રકાશના પૂરસ્વરૂપ ભગવાન ઇન્દ્રિયો દ્વારા જાણનારો છે જ નહીં. ભગવાન પરમાત્મા જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે જેને ઇન્દ્રિયો દ્વારા જાણવું થાય તે આત્મા જ નથી. શ્રવણેન્દ્રિયથી સાંભળીને–શાસ્ત્રોથી જ્ઞાન થાય ત્યાં એ જ્ઞાન થાય છે. પોતાની પર્યાયના ઉપાદાનથી, શ્રુતથી–શ્રવણથી થયું છે એમ નથી. છતાં એ ઇન્દ્રિય દ્વારા જે જાણવાનું કાર્ય થયું એ આત્માનું કાર્ય નથી.

જે જ્ઞાયક વસ્તુ છે–જે જાણનારો છે તે જાણનારો લિંગો વડે જાણવું કરે તો તે આત્મા નથી. ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવના જ્ઞાનમાં જે આવ્યું તેવું તેમણે કહ્યું એમાં આ કહ્યું છે કે જે કોઈ જાણનારો ભગવાન અંદર છે તે જાણનારો અનાત્મસ્વરૂપ એવી ઇન્દ્રિયો વડે જાણવાનું કાર્ય કરે તે આત્મા નહીં. આહાહા આવી વાતનો લોકોને અભ્યાસ નહીં એટલે આકરું પડે. આકરું પડે પણ એણે એકવાર આ જાણવું પડશે ને! અરેરે! આવો મનુષ્યભવ મળ્યો ને વીતરાગ ભગવાન શું કહે છે અને આત્મા કોને જાણે અને કઈ રીતે જાણે? એની પણ જેને ખબર નથી તેને ચારગતિમાં રખડવાનું જ છે. તે અહીંથી મરીને તિર્યંચ

–ઢોર–પશુ થઈને ચાર ગતિમાં રખડશે. આહાહા! અહીં ભલે અબજોપતિ હો, કરોડો કરોડોના રહેવાના બંગલા હો, પણ જો આત્મસ્વરૂપ જાણ્યું નહીં તો તે મરીને ઢોર–પશુ જ થવાના. આગળ કહ્યું કે પુણ્ય–પાપમાં ફેર નથી માટે ભલે પુણ્યથી સ્વર્ગમાં જાય ને પાપના–માયા, કપટના ભાવથી કોઈ તિર્યંચમાં જાય પણ બધે દુઃખ જ છે. ચારે ગતિ દુઃખ જ છે. રાજાઓ, શેઠિયાઓ દુઃખી, રાંક–ભિખારીઓ દુઃખી, નારકી દુઃખી, તિર્યંચો દુઃખી, દેવ દુઃખી, બધા જ દુઃખની શ્રેણીમાં પડયા છે, કેમ કે લિંગો વડે આત્માનું જાણવાનું કાર્ય છે એમ તેઓ માને છે–એ દ્રષ્ટિ મિથ્યા છે ને એ મિથ્યાત્વનું ફળ અનંત ભવનું દુઃખ છે. શ્રી પરમાર્થવચનિકામાં કહ્યું છે કે પરસત્તા ગ્રાહક જ્ઞાન તે બંધનનું કારણ છે, જ્ઞાનીને પણ એટલું પરસત્તા ગ્રાહક જ્ઞાન બંધનું કારણ છે.

શ્રી સમયસાર ગાથા ૩૧માં કહ્યું છે '**जो इंदिये जिणित्ता**' -જેણે ઇન્દ્રિયને જીતી છે એટલે કે દ્રવ્યેન્દ્રિયથી જાણતો નથી, ભાવેન્દ્રિયથી જાણતો નથી, ભગવાનની વાણી સાંભળે છે, ભગવાનને દેખે છે, તે બધી જે ઇન્દ્રિયો છે, તે ઇન્દ્રિયના વિષયો છે તે બધાને અહીં ઇન્દ્રિયો કહી છે – તેથી તે ત્રણેનું લક્ષ છોડી દે, ભગવાનની વાણી સાંભળવાનું લક્ષ છોડી દે, ભગવાનના દર્શન કરવાનું લક્ષ છોડી દે ને તેનાથી ભિન્ન જ્ઞાયક ભગવાન છે, ગ્રાહક છે જે જાણનારો ત્રિકાળ જ્ઞાતા દ્રષ્ટા છે તેને જે પકડે છે તે **णाणसहावाधिअं मुणदि आदं** ઇન્દ્રિયો–જડ ભાવ છે અને ભગવાન તથા તેની વાણી અને સ્ત્રી–કુટુંબ, દેહ–એ બધાથી ભિન્ન એવો ભગવાન આત્મા અધિક રહીને જુદો છે, તેને જે અનુભવે તે ઇન્દ્રિયોનું જીતવું કહીને તેને સમકિતી જિન કહે છે. કેમ કે એનું સ્વરૂપ જિનસ્વરૂપ છે. કહ્યું છે કેઃ–

घट घट अंतर जिन वसे, घट घट अंतर जैन।
मत मदिरा के पानसे, मतवाला समजे न।।

ભગવાન આત્મા જિનસ્વરૂપી, વીતરાગમૂર્તિ અંદર પડયો છે એને અહીં આત્મા કહ્યો છે. લોકો તો દયા પાળે તે આત્મા, હાલે–ચાલે તે ત્રસ, સ્થિર રહે તે સ્થાવર–એમ માને પણ તેઓ આત્માનું–જીવનું સ્વરૂપ જ જાણતા નથી. અહીં તો કહે છે કે દરેકમાં જિન વસે છે, જેણે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ને તેનો વિષય એ ત્રણેનું લક્ષ છોડી દઈ તેનાથી ભિન્ન ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે તેમાં જે એકાગ્ર થાય છે તેણે ઇન્દ્રિયોને જીતી, તેને સમકિતી જિન કહેવામાં આવે છે. એ જ અહીં કહે છે. જેને જીતવું છે એવા લિંગો દ્વારા જાણે તે જાણવું જ આત્માનું નહીં. જેનાથી ભિન્ન પડવું છે, જેને જીતવી છે, જિનસ્વરૂપી ભગવાનના આશ્રયે જેનું લક્ષ છોડવું છે એ વડે જાણવાનું કાર્ય કરે તે આત્મા નહીં. જાણનારો એવો ભગવાન ઇન્દ્રિયો વડે

જાણવાનું કામ કરતો જ નથી. વીતરાગનું જ્ઞાન એ વીતરાગી વિજ્ઞાનરૂપ વિજ્ઞાન છે. ઇન્દ્રિયથી શાસ્ત્રનું જ્ઞાન થયું તેને જ્ઞાન જ કહેતા નથી, તે જાણવું આત્માનું નથી.

ઇન્દ્રિયો વડે જાણે છે તે આત્મા નહિ, એ જ્ઞાયક નહિ, કારણ કે જ્ઞાયકસ્વરૂપ તો પોતે છે, એ ઇન્દ્રિયો દ્વારા જાણે તો જ્ઞાયક ક્યાં રહ્યો? અહીં જાણનારો કહ્યો છે, તેથી જાણનારો પોતે, નહીં જાણનારને આશ્રયે કામ લ્યે તે જાણનારો જ નહીં. વીતરાગ ત્રિલોકનાથ શું કહે છે તેની અજ્ઞાનીને ખબર નથી ને સામાયિક કરી, પૌષધ કર્યાં, પ્રતિક્રમણ કર્યાં અને માને કે અમે ધર્મ કર્યો.

ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં પરમાત્મા જિનેન્દ્રદેવનો દિવ્યધ્વનિનો અવાજ આ આવ્યો છે કે તું જાણનારો પ્રભુ છો ને! જાણવાના સ્વભાવવાળો છો કે નહીં? તો જાણવાના સ્વભાવવાળો જાણનાર જ્ઞાયક, જે એનામાં નથી એવા નહીં જાણનારા લિંગો વડે જાણવાનું કામ કરે એ આત્મા કેમ કહેવાય?

લોકો એમ કહે કે શાસ્ત્રમાં–તત્ત્વાર્થસૂત્રમાં–તો આવે છે કે મતિજ્ઞાન તે મન ને ઇન્દ્રિયથી થાય છે ને અહીં તમો ના પાડો છો. તો તેને કહેવામાં આવે છે કે એ તો જ્ઞાન થયું ત્યારે જે નિમિત્ત હતું તેનાથી થયું એવી એક પરોક્ષજ્ઞાનની વાત જણાવી છે પણ વાસ્તવિક તત્ત્વ એમ છે કે મન ને ઇન્દ્રિયથી જાણનારો આત્મા નથી. અહીં કહે છે કે ઇન્દ્રિયથી જાણવું આત્માને થતું જ નથી. તું જાણનારો કઈ રીતે જાણે છે, તેની આ વાત ચાલે છે. પ્રથમ શબ્દ જ 'ગ્રાહક' લીધો છે, જાણનારો, ગ્રહનારો એમ લીધું છે. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકારમાં 'જિનમાર્ગમાં બન્ને નયોનું ગ્રહણ કહ્યું છે તેમાં વ્યવહારનયનું ગ્રહણ આવ્યું, તો કહે છે કે ત્યાં 'જાણવાનું નામ જ 'ગ્રહણ કરવું' એમ કહ્યું છે. 'વ્યવહાર ગ્રહણ કરવાલાયક છે' ત્યાં જાણવાલાયક છે' –એમ કહ્યું છે, પણ વ્યવહાર આદરવાલાયક છે એવો તેનો અર્થ નથી. માટે ભાઈ! શાંત થા. શાસ્ત્રમાં કહેલા અર્થને અને શાસ્ત્રની શૈલીને જ જે જાણતા નથી ત્યાં નયનું કઈ અપેક્ષાનું કથન છે તે જાણે નહિ સમજે નહિ ને માની બેસે કે અમુક શાસ્ત્રમાં આમ કહ્યું છે અને અમુક શાસ્ત્રમાં આમ કહ્યું છે, પણ ભાઈ, જ્યાં જે નયનું કથન છે તેને તેમ સમજવું જોઈએ.

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકારમાં કહ્યું છે કે સામાન્યથી વિશેષ બળવાન છે, જેમ જેમ શાસ્ત્રનું વિશેષ જ્ઞાન થાય તે જ્ઞાન બળવાન છે. તો ત્યાં પર સંબંધી જાણવાની અપેક્ષાએ વાત છે, સમ્યક્દર્શન દ્વારા જે જ્ઞાન બળવાન થાય છે–તેની એ વાત નથી. વીતરાગ ભગવાનની વાણીની શું શૈલિ છે! શું પૂર્વાપર વિરોધ

રહિત કથની છે! ક્યાંય વિરોધ ન આવે તેવી અદ્‌ભૂત શૈલી છે. અહીં કહે છે કે કાનદ્વારા સાંભળવાનું થાય છે અને આંખ વડે સાક્ષાત્ ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય ત્યાં અનંતવાર જઈને દર્શન કર્યાં –એ બધું ઇન્દ્રિયનું જ્ઞાન છે, એ જ્ઞાયકનું જ્ઞાન નથી. એથી તો પહેલો જ ધ્વનિ લીધો છે : ‘ગ્રાહક’, જાણનારો, જ્ઞાયક એવો જે ભગવાન આત્મા તે લિંગો એટલે કે બીજી ચીજો છે તેના વડે તેને જાણવું થતું નથી. આ વીતરાગ ભગવાનની વાત ઝીણી પડે પણ માર્ગ તો આ જ છે. ભાઈ! તને ખબર નથી પણ અંદર ભગવાન આત્મા પરિપૂર્ણ જાણવાના સ્વભાવથી ભરેલો છે છતાં વર્તમાન જ્ઞાનની અલ્પજ્ઞ દશા વર્તે છે તેમાં અનાદિથી તારી દૃષ્ટિ છે પણ તે એક સમયની જે પર્યાય છે તેની સમીપમાં આખું દ્રવ્ય–ભગવાન આત્મા–પડ્યું છે તેને હવે જો!

ત્રિલોકનાથ, સર્વજ્ઞ પરમેશ્વર, જિનેન્દ્રદેવનો સમવસરણમાં ઇન્દ્રોની સમક્ષમાં આ ધ્વનિ આવ્યો છે. પણ અરેરે! આ એને કાને ન પડે, અને કાને પડે તે પણ એ ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય તે જ્ઞાન આત્માનું નહિ એટલે કે તેને આત્માનું જ્ઞાન કહેતા નથી. ભગવાન! શું કહીએ! તારી ચીજ અંદર એવી છે કે સહજાત્મસ્વરૂપ જ્ઞાનાનંદનો દરિયો છે, એ જ્ઞાનનો સાગર છે, એ જ્ઞાનના સાગરથી છલોછલ ભરેલો ભગવાન છે, તેને પરના કારણે જ્ઞાન થાય તેવું તેનું સ્વરૂપ નથી. પાંચ ઇન્દ્રિયો જડ છે, માટી છે, એ દ્વારા જાણનારને જાણવું થાય? અંદર જાણનારો જે ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ, ચૈતન્યના સ્વભાવથી ભરચક ભરેલો છે. ‘ભગ’ એટલે જ્ઞાન ને આનંદની લક્ષ્મીથી ભરેલું જેનું સ્વરૂપ છે એને ભગવાન આત્મા કહેવામાં આવે છે, જેને અહીં જ્ઞાયક કહ્યો, જેને ગ્રાહક કહ્યો, તેને ઇન્દ્રિયો દ્વારા જાણવું થાય એ આત્માનું જાણવું નહીં, એને આત્મા કહીએ નહીં. જેનામાં જ્ઞાન ભરેલું છે એ જ્ઞાન દ્વારા–અતીન્દ્રિય જ્ઞાન દ્વારા–જાણે તેને આત્મા કહીએ.

ભાઈ! આ વાતો આકરી લાગે, પણ છે નિજઘરની અને સહેલી–સરલ છે, પણ તેને જાણી નથી, અભ્યાસી નથી. કહ્યું છે કેઃ–

हम तो कबहुं न निजघर आये.....
परघर भ्रमत बहुत दिन बीते नाम अनेक धराये

આ પંચેન્દ્રિય આ એકેન્દ્રિય, આ બેઇન્દ્રિય, આ મૂર્ખ, પંડિત, દેવ, માણસ–એમ અનેક નામ, જ્ઞાયકસ્વરૂપ હોવા છતાં ધરાવ્યા એ કલંક છે. પરઘરના નામ પોતાના ઘરમાં એણે ચલાવ્યા. અહીં જ્ઞાયક એટલે પોતાનો ભગવાન આત્મા, ભગવાન થઈ ગયા એ તો પર્યાયમાં ભગવાન થઈ ગયા, આ તો વસ્તુ તરીકે, શક્તિ તરીકે

ભગવાન જ્ઞાયક છે તેનું એન્લાર્જ થાય ત્યારે પર્યાયમાં કેવળજ્ઞાન ને અરિહંતપણું થાય છે. સંતોએ ગજબ કામ કર્યા છે. સંતોએ જગતને ગર્જના કરીને જગાડયા છે. જાગ રે જાગ નાથ! હવે તને સૂવું ન પાલવે. ઇન્દ્રિયોથી જાણવું તેમાં તું સૂઈ ગયો છો, તું જાગ્યો નથી. જેમ બાળકને ઘોડિયામાં સૂવરાવે ત્યારે બાળકને ગીત ગાતાં ગાતાં તેના વખાણ કરીને સૂવરાવે છે, જો તેને ધમકાવે કે ગાળો આપે તો બાળક સૂઈ નહીં જાય. તેને સૂવડાવવા પણ તેનાં ગાણાં ગાય ત્યારે સૂવે છે; તેમ ત્રણલોકના નાથ સંતો જગાડવા માટે ગાણાં ગાય છે કે જાગ રે જાગ! નાથ! ઇન્દ્રિય દ્વારા કામ કરે છે ત્યાં તું સૂઈ ગયો છો. તારી જ્ઞાનજ્યોતિને જગાડ, તારા અતીન્દ્રિય જ્ઞાનથી તું કામ લે.

એક એક શ્લોકે આત્માનું કામ થઈ જાય એમ છે. આ તો અધ્યાત્મની વાત છે, આ કાંઈ કથા નથી, વાર્તા નથી, પ્રભુ તું કેવડો ને કેવો ને કેમ કરનારો છો, તું કઈ રીતે કામ લેનારો છો તેની વાત છે. અરેરે! આવા મનુષ્યપણામાં પણ એની પોતાની ચીજ શું છે? ભગવાન ત્રિલોકનાથ શું કહે છે? એવું એને સાંભળવા ન મળે તો સમજે ક્યારે? અરેરે! એના ચોરાશીના પરિભ્રમણ ક્યારે ટળે? ક્યારે આ વાત બેસાડવી ને ક્યારે કરવી? તારા મહિમા ને મોટપની પ્રભુ! તને ખબર નથી. પ્રભુની શક્તિથી ભરેલો તું ભગવાન છો, મહંત છો, સર્વજ્ઞસ્વભાવી છો, સર્વદર્શાસ્વભાવી છો. સ્વચ્છશક્તિનો ભંડાર છો, આહાહા! સ્વસંવેદનજ્ઞાન પ્રકાશમાં આવી શકે એવો તું છો.

આ તો હજી આત્મા શું છે તેની વાત ચાલે છે, આ તો ત્રિલોકના નાથ તીર્થંકરદેવના અંદર કહેણ આવ્યા છે. તે કહેણને પ્રભુ! તું સ્વીકાર. પ્રભુના કહેણ એમ છે કે લિંગ વડે જાણે તે આત્મા નહીં, કેમ કે જ્ઞાયકથી ભરેલો ભગવાન પોતાના અતીન્દ્રિય જ્ઞાનથી જાણવાનું કામ કરે એને આત્મા કહેવાય છે. સમ્યગ્દ્રષ્ટિ ચોથા ગુણસ્થાને હોય છે તેને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય છે. આ ચોથા ગુણસ્થાનની વાત છે. પાંચમું શ્રાવકનું ને છઠ્ઠું મુનિરાજનું તે તો કોઈ અલૌકિક વાત છે. ભગવાન અતીન્દ્રિય જ્ઞાનથી છલોછલ ભર્યો પડયો છે. આહાહા! એ જ્યારે પર્યાયમાં આત્માને જાણવાનું કાર્ય કરે છે તો એ અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જાણવાનું કામ કરે છે, તે અલિંગગ્રહણ છે, માટે આને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. એ રીતે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે. અલિંગગ્રહણનો આ એક અર્થ નીકળ્યો. એવા વીસ અર્થ છે. 'અલિંગગ્રહણ' ના છ અક્ષરો છે, તેના અર્થો વીસ છે. તેમાંથી આ એક અર્થ થયો છે. ઇન્દ્રિયથી જાણવું થતું નથી એમ કહેવાનો અર્થ એ છે કે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે, તે અતીન્દ્રિયજ્ઞાનથી જાણે છે એવો આ પહેલો બોલ થયો.

(ક્રમશઃ)

સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય :

# જાણનક્રિયાથી ક્રોધાદિક્રિયાનું ભેદવિજ્ઞાન

**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી એમ કહીને અહીં આસ્રવને ને આત્માને કાંઈ સંબંધ નથી એમ બતાવ્યું છે. આસ્રવના ને આત્માના પ્રદેશો ભિન્ન હોવાથી, બન્નેની સત્તા ભિન્ન ભિન્ન હોવાથી તેમને આધાર-આધેયસંબંધ પણ નથી. જાણનક્રિયા આધાર ને આત્મા આધેય એવો આધાર-આધેયસંબંધ છે પરંતુ આસ્રવને ને આત્માને તો અત્યંત અભાવ હોવાથી આવો કોઈ સંબંધ પણ નથી. જાણનક્રિયામાં ‘આ આત્મા’ એમ જણાય છે, જાણનક્રિયા દ્વારા આત્મા જણાય છે માટે જાણનક્રિયા કે જે પોતાનું સ્વરૂપ છે તે આધાર છે ને આત્મા આધેય છે. એ વાત દ્રષ્ટાંતસહિત કહીને સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તે અહીં સમજાવે છે.**

**શ્રી સમયસાર, સંવર-અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી**

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧
ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.
આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૨.

**હવે સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની વાત કરે છે :-**

ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી અર્થાત્ એક વસ્તુ ને બીજી વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી. એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી. અરે! પુણ્યપાપ ભાવ પણ જીવના નથી. ઉપયોગમાં ઉપયોગ છે એટલે કે શુદ્ધ શ્રદ્ધા–જ્ઞાન ને શાંતિની પરિણતિમાં આત્મા છે, કારણ કે એ દ્વારા આત્મા જણાય છે. શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાનના પરિણામ તે આધાર છે ને તેના આધારે આત્મા છે એટલે કે આત્માને આધેય બનાવ્યો. ઉપયોગમાં ઉપયોગ છે એટલે કે પર્યાયને આધારે દ્રવ્ય છે. દ્રવ્યના આધારે પર્યાય છે પણ અહીં જુદી શૈલી છે. રાગાદિ રહિત જે શુદ્ધ ઉપયોગ છે તેમાં આત્મા છે એટલે કે શુદ્ધ ઉપયોગ દ્વારા આત્મા જણાયો માટે આત્મા આધેય ને ઉપયોગ–શુદ્ધ પરિણતિ તે આધાર છે. દ્રવ્ય શુદ્ધ છે એવું જાણ્યું કોણે ?–કે શુદ્ધ પરિણતિએ જાણ્યું તેથી શુદ્ધ પરિણતિ આધાર ને આત્મા આધેય.

અહીં તો એમ લેવું છે કે આત્મામાં જે વિકારી ભાવ ઉત્પન્ન થાય તે આત્માના અસંખ્ય પ્રદેશથી ભિન્ન છે. ભગવાન આત્માના પ્રદેશ ને આસ્રવના પ્રદેશ ભિન્ન છે. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ શુદ્ધ પરિણતિમાં જણાયો માટે તેમાં આત્મા છે. જેમાં જે જણાયો તેમાં તે છે. અહીં તો કહે છે કે એક વસ્તુની બીજી વસ્તુ નથી. એક આત્મા બીજા આત્માને લઈને નથી, આત્માને ને કર્મને કાંઈ સંબંધ નથી. બન્નેના પ્રદેશો ભિન્ન છે. આસ્રવને ને આત્માને કાંઈ સંબંધ નથી કેમકે બન્નેના પ્રદેશો ભિન્ન છે. આસ્રવને અહીં વસ્તુ કહી છે. આસ્રવ વસ્તુ જીવમાં નથી ને જીવ વસ્તુ આસ્રવમાં નથી. કારણ કે એક વસ્તુની બીજી વસ્તુ નથી. મિથ્યાત્વાદિ પરિણામ થાય તેની જીવવસ્તુ કાંઈ સંબંધી નથી.

બીજી ચીજ તો ક્યાંય રહી પણ એક વસ્તુ બીજી વસ્તુમાં નથી એટલે કે આસ્રવ વસ્તુ આત્મામાં નથી ને આત્મા આસ્રવમાં નથી. કારણ કે બેને કાંઈ સંબંધ જ નથી. નવ તત્ત્વોમાં બે તત્ત્વો છે ને! એટલે કે બન્ને ભિન્ન તત્ત્વો છે ને! તેથી આત્માને ને આસ્રવને સંબંધ નથી. આત્માને ને કર્મને, આત્માને ને શરીરને, આત્માને ને સ્ત્રી–પુત્ર –ધંધા આદિને કાંઈ સંબંધ નથી. આસ્રવ બીજી વસ્તુ છે એમ અહીં કહે છે. આમ તો નવ તત્ત્વમાં સંવર પણ આત્માથી ભિન્ન તત્ત્વ છે પણ અહીં તો સંવરમાં આત્મા જણાય છે માટે સંવર આધાર ને આત્મા આધેય એમ કહેવું છે પણ આસ્રવને ને આત્માને તો કાંઈ સંબંધ નથી.

ભિન્ન ક્ષેત્રવાળાનો તો કાંઈ સંબંધ નથી પણ અસંખ્ય પ્રદેશમાં હોવા છતાં ભગવાન આત્માના પ્રદેશ જુદા છે ને આસ્રવના પ્રદેશ જુદા છે. જે ક્ષેત્રમાં ધ્રુવપણું

છે તેમાં આસ્રવ નથી, આસ્રવના પ્રદેશ જુદા છે. શરીર વાણી તો ક્યાંય રહ્યાં પણ દયા–દાન આદિના ભાવ ભિન્ન છે તેથી તેના પ્રદેશ પણ ભિન્ન છે. છે તો અસંખ્ય પ્રદેશમાં, છતાં પ્રદેશ ભિન્ન છે માટે ભગવાન આત્માની સત્તા ને આસ્રવની સત્તા ભિન્ન ભિન્ન છે. બંનેની એક સત્તા નથી પણ બેની ભિન્ન ભિન્ન સત્તા છે.

ભગવાન આત્માનું હોવાપણું ને મલિન પરિણામનું હોવાપણું–બંનેનું હોવાપણું ભિન્ન ભિન્ન છે. શરીર વાણીના પ્રદેશ તો પૃથક્ પ્રદેશ છે પણ દયા–દાન આદિના પ્રદેશ અસંખ્ય પ્રદેશથી ભિન્ન ગણવામાં આવ્યા છે. આત્માની પર્યાયમાં આસ્રવ છે તે આત્માથી ભિન્ન છે માટે તેના પ્રદેશ પણ ભિન્ન છે. અસંખ્ય પ્રદેશમાં આસ્રવ થાય છે ને આત્મા પણ અસંખ્ય પ્રદેશમાં છે છતાં આસ્રવના પ્રદેશ જુદા છે. તેથી આત્મા ને આસ્રવ બંનેનું હોવાપણું જુદું જુદું છે. અહીં તો બે વચ્ચે અત્યંત અભાવ કહેવો છે. જ્યાં સુધી આસ્રવ છે ત્યાં સુધી તેના પ્રદેશ ભિન્ન છે પણ નીકળી જાય ત્યાં એ પ્રદેશો નિર્મળ પર્યાયના થઈ જાય છે. આસ્રવ નીકળી જતાં આસ્રવના પ્રદેશો નીકળી જતા નથી! આ બહુ ગંભીર વાત છે. આસ્રવ ગયા પછી એના પ્રદેશો ક્યાં ગયા?–કે એ પ્રદેશો નિર્મળ પર્યાયના થઈ ગયા. પછી એ પ્રદેશો અભિન્ન થઈ ગયા, આસ્રવ ગયા પછી તેના પ્રદેશો ભિન્ન રહેતા નથી.

એ રીતે એક વસ્તુને બીજી વસ્તુ સાથે આધાર–આધેયસંબંધ નથી. જીવના આધારે શરીર રહ્યું જ નથી, અરે! આસ્રવના આધારે આત્મા નથી. આહાહા! બહુ ઝીણી વાત છે. સંવર એટલે મોક્ષનો માર્ગ, આત્માની નિર્મળ પરિણતિ. તેનો આ અધિકાર શરૂ કર્યો છે.

શરીરના આધારે આત્મા ને આત્માના આધારે શરીર કે કર્મના આધારે આત્મા સ્વર્ગમાં જાય કે આત્માના આધારે કર્મ સાથે જાય–એમ નથી. દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં દ્રઢપણે રહેવારૂપ જ આધાર–આધેયસંબંધ છે પણ આત્માને ને આસ્રવને આધાર–આધેયસંબંધ છે જ નહીં. ભગવાન આત્માને નિર્મળ પરિણતિ આધાર છે પણ આત્માને આસ્રવ આધાર નથી. નિર્મળ પરિણતિ તે આધાર ને આત્મા આધેય એવો આધાર–આધેયસંબંધ છે. સંવર આધાર ને વસ્તુ આધેય છે.

આહાહા! એક વસ્તુ બીજી વસ્તુની નથી. પરવસ્તુ તો ક્યાંય રહી પણ ક્રોધાદિ કે દયા–દાન આદિ એ આત્માના નથી, કારણ કે બન્નેના પ્રદેશ ભિન્ન હોવાથી ભાવ જુદા હોવાથી ક્ષેત્ર પણ જુદા છે તેથી સત્તા જુદી જુદી છે. ચૈતન્ય જ્ઞાયકભાવ

અને વ્યવહારરત્નત્રયના પ્રદેશ જુદા હોવાથી બન્નેની સત્તા જુદી છે તેથી એકબીજાને આધાર–આધેયસંબંધ પણ નથી જ. પ્રદેશ તો જુદા છે, સત્તા તો જુદી છે પણ વ્યવહારરત્નત્રયનો રાગ આધારને આત્મા આધેય એવો આધાર–આધેયસંબંધ પણ નથી જ. વિકારીભાવના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ આત્માથી જુદા છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તેના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ આત્માથી જુદા છે.

રાગ આધાર ને તેના આધારે નિર્મળ પરિણતિ પ્રગટે એવો આધાર–આધેયસંબંધ પણ નથી. રાગની ક્રિયા ને આત્માના સ્વભાવને કાંઈ સંબંધ નથી. તેથી વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે–એની ના પાડે છે, કેમ કે બેને આધાર–આધેયસંબંધ નથી. ચૈતન્ય આનંદનું ધામ જે આત્મા તે આધેય છે ને તે જેના દ્વારા જણાય છે એવી શુદ્ધ પરિણતિ તે આધાર છે. ઉપયોગ કહેતાં શુદ્ધ પરિણમન તે આધાર છે ને આત્મા આધેય છે.

તેથી દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં દ્રઢપણે રહેવારૂપ જ આધાર–આધેયસંબંધ છે. આત્મા જે જાણન ક્રિયા દ્વારા જણાયો તે જાણનક્રિયા આધાર ને આત્મા આધેય એવો આધાર–આધેયસંબંધ છે. જ્ઞાનના પરિણમનમાં, શ્રદ્ધાના પરિણમનમાં વિગેરે શુદ્ધ પરિણમનમાં ખ્યાલમાં આવે કે આ આત્મા છે–એવું જે જાણનક્રિયારૂપ પોતાનું સ્વરૂપ છે તેમાં આત્મા રહેલો છે એટલે કે તેમાં તે જણાય છે. જ્ઞાન એટલે કે આત્મા જે જાણનક્રિયારૂપ પોતાનું સ્વરૂપ છે તેમાં તે રહેલો છે. રાગ એ આત્માનું સ્વરૂપ નથી પણ જાણનક્રિયા તેનું સ્વરૂપ છે, તેથી જાણનક્રિયામાં જ્ઞાન રહેલું છે. –આત્મા રહેલો છે.

પ્રવચનસારમાં એમ કહ્યું કે પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત કરે છે ને પર્યાય દ્રવ્ય–ગુણ દ્વારા રચાય છે. અહીં બીજી વાત કરવી છે. અહીં તો જે વસ્તુ છે તેની સન્મુખ થતાં જે શુદ્ધ પરિણમન થયું તેના આધારે વસ્તુ છે, કેમ કે રાગાદિ સાથે કાંઈ સંબંધ નથી –એમ વિકારથી ભિન્નતા સિદ્ધ કરવી છે. જે શુદ્ધ પરિણમન પ્રગટ થયું તેમાં 'આ વસ્તુ છે' એમ જણાયું તેથી જાણનાર જાણનક્રિયાને આધારે છે ને આત્મા આધેય છે. ચૈતન્યમૂર્તિ પ્રભુના આશ્રયે જે શુદ્ધ પરિણમન પ્રગટ થયું તેના આધારે આત્મા જણાય છે માટે શુદ્ધ પરિણતિ તે આધાર ને આત્મા આધેય છે. શુદ્ધ વસ્તુના લક્ષે જે શુદ્ધ પરિણતિ થઈ તેમાં પરિપૂર્ણ વસ્તુ જણાઈ–ભલે વસ્તુ તેમાં આવે નહીં–તેથી એ શુદ્ધ પરિણમન આધાર ને દ્રવ્ય આધેય છે. પ્રગટ અંશ દ્વારા અંશી જણાયો તેથી અંશને આધાર ને અંશીને આધેય કહ્યું છે.

જાણનક્રિયાનું એટલે કે જાણવાની શુદ્ધ પરિણતિની ક્રિયાનું જ્ઞાનથી–આત્માથી અભિન્નપણું હોવાને લીધે જ્ઞાન જ્ઞાનમાં જ છે, આત્મા આત્મામાં જ છે. આત્માના પરિણામને આત્મા જ કહ્યો, જાણનક્રિયાને આત્મા કહ્યો એટલે કે જાણનક્રિયા તેનું સ્વરૂપ છે ને તે સ્વરૂપમાં આત્મા છે. જાણનક્રિયા છે તે પર્યાય છે, તે પર્યાયના આધારે આત્મા જણાય છે માટે પર્યાયને આધાર કહ્યો છે. જાણનક્રિયા તે ઉત્પન્નક્રિયા છે, તેના આધારે આત્મા જણાય છે. જાણનક્રિયા આત્માનું સ્વરૂપ છે ને તે સ્વરૂપના આધારે આત્મા જણાય છે માટે તે સ્વરૂપને આત્મા અભિન્ન છે.

રાગ ને આત્માની સત્તા ભિન્ન ભિન્ન છે પણ રાગને ને પોતાને જાણનારી જે જાણવાની ક્રિયા તે આધાર ને આત્મા આધેય છે. જાણવાની ક્રિયા એ આત્માનું સ્વરૂપ છે તેથી તે સ્વરૂપના આધારે આત્મા કહ્યો છે, જો જાણનક્રિયારૂપ પ્રગટ પર્યાય ન હોય તો 'આ આત્મા છે' –એમ જાણ્યું કોણે? રાગથી તો જણાતો નથી તેથી એ જાણનક્રિયા આધાર ને વસ્તુ આધેય છે. એ બેને અંદર આધાર–આધેયસંબંધ છે. ઉપયોગમાં ઉપયોગ રહે છે એટલે કે શુદ્ધ પરિણમન કાયમ રહે છે તેથી ઉપયોગને જાણનક્રિયારૂપ શુદ્ધ પરિણમન કહ્યું છે.

જાણનક્રિયાનું જ્ઞાનથી એટલે કે શુદ્ધ પરિણમનનું આત્માથી અભિન્નપણું હોવાથી જાણનક્રિયા જ્ઞાનમાં જ છે એટલે કે શુદ્ધ પરિણમન આત્માથી જુદું નથી. નિર્મળ પર્યાય છે તે આત્મામાં જ છે. જાણનક્રિયામાં આત્મા છે, રાગમાં કે ક્યાંય આત્મા નથી. જેના આધારે એ જણાય છે એ જાણનક્રિયામાં આત્મા પ્રતિષ્ઠિત છે. કેમ કે જાણનક્રિયા એ આત્માનું જ સ્વરૂપ છે તેથી આત્મામાં જ છે.

એ રીતે અવિરુધ્ધ સિદ્ધ કરીને હવે વિરુધ્ધ સિદ્ધ કરે છે.

જે ક્રોધાદિ છે તે ક્રોધાદિ પરિણમનના આધારે ક્રોધ છે. ક્રોધ–માન–માયા –લોભરૂપ વિકારનું પરિણમન એ પોતાના સ્વરૂપમાં રહ્યું છે. વિકારભાવનું પરિણમન એ એનું સ્વરૂપ છે ને તેમાં ક્રોધાદિ પ્રતિષ્ઠિત છે, એના સ્વરૂપના આધારે વિકાર છે પણ આત્માના આધારે કે આત્માના પરિણામના આધારે ક્રોધાદિ નથી.

જેમ જાણનક્રિયામાં આત્મા રહેલ છે તેમ વિકારની પરિણતિમાં વિકાર રહેલ છે, આત્મામાં રહેલ નથી. ક્રોધાદિ ક્રિયા ક્રોધાદિથી અભિન્ન છે ને આત્માથી તદ્દન ભિન્ન છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ ક્રોધાદિથી અભિન્ન છે ને આત્માથી ભિન્ન છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ–રાગ તે તેની ક્રિયામાં રહેલ છે, આત્મામાં નહીં.

જેમ આત્મા આત્મામાં જ છે તેમ વિકાર વિકારમાં જ છે. વિકારના આધારે આત્મા નથી કે આત્માના આધારે વિકાર નથી. આત્મા જાણનક્રિયાના આધારે ને વિકારીભાવ વિકારી ક્રિયાના આધારે છે.

વળી વિકારમાં, કર્મમાં કે નોકર્મમાં એટલે કે ભાવકર્મ, દ્રવ્યકર્મને નોકર્મમાં જ્ઞાન નથી એટલે કે આત્મા નથી અને આત્મામાં ક્રોધાદિ કર્મ કે નોકર્મ નથી. કારણ કે આત્માને ને તેમને અત્યંત સ્વરૂપ–વિપરીતતા છે. આહાહા! આત્માને ને શુભભાવને –વ્યવહારરત્નત્રયના ભાવને અત્યંત સ્વરૂપ–વિપરીતતા છે. વિકારી પરિણામ આત્મામાં નહીં ને આત્મા વિકારમાં નહીં, કર્મ આત્મામાં નહીં ને આત્મા કર્મમાં નહીં, નોકર્મ આત્મામાં નહીં, કેમકે તેઓને પરસ્પર અત્યંત સ્વરૂપ–વિપરીતતા છે. આહાહા! જગતની કઈ ચીજ બાકી રહી? શુભભાવ સહિત સમસ્ત ચીજને ને આત્માને પરસ્પર અત્યંત સ્વરૂપ–વિપરીતતા છે. તેથી તેમને પરમાર્થભૂત આધાર–આધેયસંબંધ છે જ નહીં. વ્યવહારરત્નત્રયને ને આત્માને પરમાર્થભૂત આધાર–આધેયસંબંધ નથી. રાગના આધારે આત્મા જણાય કે આત્માના આધારે રાગ થાય એમ છે જ નહીં.

વળી જેમ જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે તેમ જ્ઞાનનું સ્વરૂપ ક્રોધાદિક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી. અને ક્રોધાદિનું સ્વરૂપ ક્રોધાદિક્રિયા છે તેમ જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી. કારણ કે જાણનક્રિયા એટલે સ્વરૂપના શ્રદ્ધાજ્ઞાનની ક્રિયા અને ક્રોધાદિ ક્રિયા એટલે દયા–દાન આદિના પરિણામ એ બન્ને ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. આત્મા જ્ઞાનાચંદ સ્વરૂપે પ્રકાશે છે ને રાગાદિ અજ્ઞાન સ્વભાવે પ્રકાશે છે. ભગવાન જાણન–દેખન સ્વભાવથી પ્રકાશે છે ને રાગાદિ વિકારસ્વભાવે પ્રકાશે છે. એ રીતે સ્વભાવે ભિન્ન હોવાથી એ વસ્તુઓ ભિન્ન ભિન્ન જ છે. એટલે કે આ રીતે જ્ઞાનને ને અજ્ઞાનને અર્થાત્ આત્માને ને ક્રોધાદિને આધાર–આધેયસંબંધ છે જ નહીં.

પુણ્ય–પાપના ભાવ અજ્ઞાન છે ને ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એ બેને આધાર–આધેયસંબંધ નથી. કેમ કે બન્ને ભિન્ન સ્વભાવે પ્રકાશતા હોવાથી બન્ને ભિન્ન વસ્તુ છે. તેથી શુભરાગ સમ્યગ્દર્શનમાં જરીયે મદદ કરે છે–એમ નથી. બીજી રીતે કહીયે તો શુક્લલેશ્યા હોય તોપણ તેનાથી ધર્મ થાય એમ નથી અથવા તેના આધારે આત્મા જણાય એમ નથી.

હવે દ્રષ્ટાંતથી વિશેષ સમજાવે છેઃ–

એક જ આકાશને–આ ઉપર દેખાય એ કાંઈ આકાશ નથી, આકાશ તો અરૂપી છે અને એ આકાશનું ક્ષેત્ર અનંત છે એવા આકાશને જ્ઞાનમાં લઈને આધાર–આધેયભાવ વિચારવામાં આવે કે આકાશ કોના આધારે રહે છે?–તો એમ સમજી શકાય છે કે આકાશને અન્ય દ્રવ્યમાં સ્થાપવું અશક્ય છે. તેથી આકાશનું આધાર–આધેયપણું અન્ય ભિન્ન દ્રવ્યોમાં ભાસતું નથી પણ આકાશ આધાર ને આકાશ જ આધેય એમ બુદ્ધિમાં ભાસે છે.

આચાર્યદેવ કહે છે કે અમે તને આત્માની વાત સમજાવીએ છીએ પણ તું આકાશનો તો વિચાર કર! તને બુદ્ધિમાં આકાશનું આધાર–આધેયપણું આકાશમાં જ ભાસશે. ક્ષેત્ર અપેક્ષાએ મોટામાં મોટું જે આકાશ દ્રવ્ય તેને આધાર કોનો?–કે આકાશ જ આકાશને આધાર છે અર્થાત્ આકાશ આકાશમાં જ પ્રતિષ્ઠિત છે એમ સમજી શકાય છે. જેનાથી મોટું કોઈ દ્રવ્ય નથી–ક્ષેત્રથી મોટું કોઈ દ્રવ્ય નથી એવા અનંત અનંત અનંત પ્રદેશવાળા આકાશદ્રવ્યને આધાર કોનો?–એમ વિચારતાં આકાશને આકાશ જ આધાર છે–એમ સમજી શકાય છે. આમ સમજનારને આકાશને પરદ્રવ્યનો આધાર ભાસતો નથી.

તેવી રીતે પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ભગવાન આત્માને પોતાની બુદ્ધિમાં સ્થાપીને–રાગમાં સ્થાપીને નહીં પણ બુદ્ધિમાં સ્થાપીને એટલે કે જ્ઞાનસ્વરૂપ ત્રિકાળી વસ્તુને જ્ઞાનની પર્યાયમાં સ્થાપીને તેનો આધાર–આધેયસંબંધ વિચારવામાં આવે, જેમ અનંત અનંત પ્રદેશી આકાશનો વિચાર કર્યો તેમ અનંત અનંત ભાવવાળા જ્ઞાનસ્વરૂપ આત્માને બુદ્ધિમાં સ્થાપીને તેનો આધાર–આધેયભાવ વિચારવામાં આવે તો જ્ઞાનસ્વરૂપી પ્રભુને બાકીના અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ હોવાથી જ્ઞાન–આત્મા પોતાના જ આધારે છે, તેથી જ્ઞાન જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે એટલે કે જાણનક્રિયાથી આત્મા જણાય છે ને એ જાણનક્રિયા આત્માનો સ્વભાવ છે તેથી જાણનક્રિયાના આધારે આત્મા છે અર્થાત્ આત્માના આધારે આત્મા છે–એમ બરાબર સમજી શકાય છે.

જેની મોજુદગીમાં 'આ આત્મા છે, આ આત્મા છે, આ આત્મા છે' એમ જણાય છે એ જાણનક્રિયા જ્ઞાનથી અભિન્ન હોવાથી જ્ઞાન જ જ્ઞાનનો આધાર છે. અર્થાત્ આત્માને આત્માનો આધાર છે. આત્મા તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે તેથી

તે અજ્ઞાનથી કે દુઃખથી કેમ જણાય? અર્થાત્ તે દયા–દાન આદિના પરિણામથી કેમ જણાય? ન જ જણાય.

બાપુ! બુદ્ધિમાં એટલે કે લક્ષમાં આત્માને લઈને વિચાર કર તો તને જણાશે કે જાણનક્રિયામાં આત્મા જણાય છે. માટે જાણનક્રિયા આધાર છે પણ રાગાદિ આધાર નથી. આત્માનો સૂક્ષ્મ વિચાર કરતા રાગાદિ આત્માને આધાર છે એમ બુદ્ધિમાં ભાસતું નથી. જેનાથી જણાયો એ ધર્મની–સમ્યગ્દર્શનની જે જાણનક્રિયા એ આધાર ને આત્મા આધેય છે પણ પરદ્રવ્યો આધાર છે એવી અપેક્ષા પ્રભવતી નથી–ઉદ્ભવતી નથી. તેથી ‘એક જ્ઞાન જ જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે’ એમ બરાબર સમજી શકાય છે. જ્ઞાનની પરિણતિમાં જ્ઞાન–આત્મા જણાય છે માટે જ્ઞાન જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે. આમ સમજી જનારને પરમાં આધાર–આધેયપણું ભાસતું નથી એટલે કે ધર્મી જીવને આત્માનો આધાર રાગ છે એમ ભાસતું નથી.

માટે જ્ઞાન જ્ઞાનમાં જ છે ને ક્રોધાદિક ક્રોધાદિકમાં જ છે. વ્યવહાર વ્યવહારમાં જ છે ને જે નિર્વિકલ્પ પરિણમન થયું તેમાં જ આત્મા છે. એ રીતે દયા–દાન આદિ વસ્તુ જ આત્માથી જુદી છે, તેનું ક્ષેત્ર જ જુદું છે, તેની સત્તા જ જુદી છે ને બન્નેને પરસ્પર અત્યંત સ્વરૂપ–વિપરીતતા છે, તેથી દયા–દાન આદિના રાગથી આત્મા જણાય એમ નથી.

–આ રીતે ભાવકર્મ, જડકર્મ ને નોકર્મનું અને આત્માનું ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.

## –: આવશ્યકતા છે :–

રોજબરોજના ટ્રસ્ટના ઓફીસ કામ માટે એક કર્મચારીની જરૂર છે. નામું, હિંદી અંગ્રેજી ભાષાનું સામાન્ય જ્ઞાન હોવાં જરૂરી છે. મુમુક્ષુને પ્રથમ પસંદગી. અપેક્ષીત પગાર સાથે પોતાના હસ્તાક્ષરમાં અરજી નીચેના સરનામે કરવી.

શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૮, સર પટ્ટણી રોડ, લોઢાવાલાની ચાલી,
ભાવનગર–૩૬૪૦૦૧. ( સૌરાષ્ટ્ર )

# ક્રમબદ્ધપર્યાય

## કાનજીસ્વામી સાથે એક મુલાકાત

આજના ખૂબ ચર્ચાયેલા વિષય 'ક્રમબદ્ધપર્યાય' ના સંબંધમાં વિક્રમની એકવીસમી સદીમાં ક્રમબદ્ધની ચર્ચાની શરૂઆત કરનાર પૂ. શ્રી કાનજી સ્વામીની તેમના જ જન્મ-જયંતીના અવસરે તા. ૨૮-૪-૭૯ ના દિવસે મુંબઈમાં સાંજની તત્ત્વચર્ચાના સમયે હજારો મુમુક્ષુ ભાઈઓ વચ્ચે આત્મધર્મના સંપાદકે લીધેલી મુલાકાતની વિગત પ્રત્યેક જનની જાણ માટે અહીં રજુ કરવામાં આવી છે.

'ક્રમબદ્ધપર્યાય' ઉપર થયેલા સ્વામીજીના પ્રવચનો જો કે 'જ્ઞેયસ્વભાવ-જ્ઞાનસ્વભાવ' નામથી પ્રકાશિત થઈ ગયા છે. તો પણ તેમના તાજા વિચાર સમાજને પ્રાપ્ત થાય-એ જ ઉદ્દેશ્ય આ મુલાકાત લેવા પાછળ છે.

ધ્યાનમાં લેવાનું છે કે ટેપના આધારે સંપાદન કરેલ આ ઈન્ટરવ્યૂ પૂ. સ્વામીજીને બતાવી લેવામાં આવ્યો છે.

"ધર્મનું મૂળ સર્વજ્ઞ છે, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થયા વિના સર્વજ્ઞનો નિર્ણય થઈ શકતો નથી. ધર્મનો આરંભ જ ક્રમબદ્ધના નિર્ણયથી થાય છે. એનો નિર્ણય કરવો બહુ જરૂરી છે."

જ્યારે પૂ. કાનજી સ્વામીને કહેવામાં આવ્યું કે "આત્મધર્મ" ના સંપાદક લેખમાં 'ક્રમબદ્ધપર્યાય' ના સંબંધમાં અમે એક લેખમાળા લખી રહ્યા છીએ, તેને પછી પુસ્તકાકારે પણ પ્રકાશિત કરવામાં આવશે, આપે આ યુગમાં 'ક્રમબદ્ધપર્યાય' નું એક પ્રકારે ઉદ્ઘાટન

જ કર્યું છે, તેના સંબંધમાં ઉત્પન્ન થતી અનેક શંકા–આશંકાઓ સંબંધી આપના તાજા વિચાર પાઠકોને પહોંચાડવા એ ઘણું ઉપયોગી બનશે. જો આપની અનુમતિ હોય તો આપને કેટલીક વાતો પૂછું? ” ત્યારે તેમણે ઉપરોક્ત શબ્દો કહ્યા.

તેઓ પોતાની વાતનો આરંભ કરતાં બોલ્યા–“ભાઈ! તમારે જે પૂછવું હોય તે પૂછો, અમે ક્યારે ના પાડીએ છીએ? સમજવા માટે જિજ્ઞાસાભાવથી પૂછનાર આત્માર્થીઓ માટે તો અમારા દરવાજા સદાય ખુલ્લા રહે છે. વાદ–વિવાદ કરનારાઓ માટે અમારી પાસે સમય નથી. વાદવિવાદમાં કોઈ સાર તો નીકળતો નથી. ચર્ચા માટે તો કોઈ મનાઈ નથી.

પંડિત ટોડરમલજીએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં લખ્યું છે કે–‘સાધર્મીને તો પરસ્પર ચર્ચા જ જોઈએ.’

ક્રમબદ્ધપર્યાય ઉપર લખીને તમે સારું જ કરી રહ્યા છો. ઓછામાં ઓછું લોકોનું ધ્યાન તો એ તરફ જશે. જેનું ભવિષ્ય સારું હશે, તેમના મનમાં વાત ચોંટશે પણ ‘ધર્મનું મૂળ સર્વજ્ઞ છે’ , ક્રમબદ્ધનો નિર્ણય થયા વિના સર્વજ્ઞનો નિર્ણય થઈ શકતો નથી. ધર્મનો આરંભ જ ક્રમબદ્ધપર્યાયના નિર્ણયથી થાય છે. એનો નિર્ણય કરવો બહુ જરૂરી છે.”

પ્રશ્નઃ– “આપ તો પર્યાય ઉપર દ્રષ્ટિ રાખનારને પર્યાયમૂઢ કહો છો?”

ઉત્તરઃ– “અમે ક્યાં કહીએ છીએ, પ્રવચનસારમાં લખ્યું છેઃ–

**“पज्जयमूढा हि परसमया”**

પ્રશ્નઃ– “ક્રમબદ્ધપર્યાય પણ એક પર્યાય જ છે, તો પછી તેનો નિર્ણય કરવો કેમ આવશ્યક છે?”

ઉત્તરઃ– “ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો તો આવશ્યક છે, પણ તે દ્રષ્ટિનો વિષય નથી.

એક બીજી વાત પણ ધ્યાનમાં રાખો કે પર્યાયનો નિર્ણય પર્યાયના આશ્રયે થતો નથી, પરંતુ દ્રવ્યના આશ્રયે થાય છે, જ્ઞાયકસ્વભાવના આશ્રયે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થાય છે. તેથી એમ કહેવામાં આવે છે કે–આશ્રય કરવા યોગ્ય એકમાત્ર પોતાનો જ્ઞાયકસ્વભાવ જ છે, પર્યાય આશ્રય કરવા યોગ્ય નથી.”

પ્રશ્નઃ– “તો પછી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો કે નહિ?”

ઉત્તરઃ– “નિર્ણય તો કરો, આશ્રય ન કરો. અમે આશ્રય કરવાનો નિષેધ કરીએ છીએ, તો તમે નિર્ણય કરવાનો નિષેધ કરવા મંડો છો? અમે તો એમ કહીએ છીએ

કે જ્ઞાયકસ્વભાવના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય થશે. તેથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવા માટે જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરો. જ્ઞાયકસ્વભાવના આશ્રયથી ક્રમબદ્ધનો નિર્ણય સહેજે થઈ જશે. ક્રમબદ્ધનો નિર્ણય કરવાની જરૂર તો છે જ, આશ્રય કરવાની જરૂર નથી

ક્રમબદ્ધનો નિર્ણય તો મહાપુરુષાર્થનું કાર્ય છે. તેનાથી આખી દ્રષ્ટિ જ પલટાઈ જાય છે. એ કોઈ સામાન્ય વાત નથી. એ તો જૈનદર્શનનો મર્મ છે.”

પ્રશ્નઃ– “જો બધું ક્રમબદ્ધ જ છે તો પછી જ્યારે અમારી ક્રમબદ્ધપર્યાયમાં ક્રમબદ્ધનો નિર્ણય થવાનો હશે ત્યારે થઈ જશે. ત્યાર પહેલાં ક્રમબદ્ધપર્યાય અમારા સમજવામાં પણ કેવી રીતે આવી શકે? માની લ્યો કે અમારા સમજવામાં ક્રમબદ્ધ આવવામાં અનંત ભવ બાકી છે–તો અત્યારે કેવી રીતે આવી શકે? ”

ઉત્તરઃ– “આ વાત કોના આશ્રયે કહો છો? શું તમને ક્રમબદ્ધનો નિર્ણય થઈ ગયો છે? ના, તો પછી એ કહેવાનો તમને શો અધિકાર છે? જેને ક્રમબદ્ધનો નિર્ણય થઈ જાય છે, તેને એવો પ્રશ્ન જ નથી ઉઠતો. ક્રમબદ્ધની શ્રદ્ધાવાળાને અનંત ભવ જ નથી હોતા. ક્રમબદ્ધની શ્રદ્ધા તો ભવનો અભાવ કરનારી છે. જેના અનંતભવ બાકી હોય તેની સમજણમાં ક્રમબદ્ધ આવી જ નથી શકતું; કેમકે તેની દ્રષ્ટિ જ્ઞાયક સન્મુખ નથી હોતી અને જ્ઞાયક સન્મુખ દ્રષ્ટિ થયા વિના ક્રમબદ્ધપર્યાય સમજવામાં આવતી નથી.

જ્ઞાયક સન્મુખ થઈને જેવો ક્રમબદ્ધનો નિર્ણય કર્યો કે તરત જ ભવ ઉડી જાય છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થતાં નિર્મળ પર્યાય મારું કર્મ અને હું તેનો કર્તા–એ વાત પણ નથી રહેતી. પર્યાય પોતાના સમયે થશે જ–એવી શ્રદ્ધા હોવાથી તેને કરવાની કોઈ વ્યાકુળતા રહેતી નથી. માટે ભવ નથી–આ જાતની નિઃશંકતા પ્રગટ થઈ જાય છે.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં કર્તાપણાની બુદ્ધિ ઉડી જાય છે અને જ્ઞાતાપણાની બુદ્ધિ પ્રગટ થઈ જાય છે–એ તેનું ફળ છે. જો કર્તાબુદ્ધિ ન ઉડે તો સમજવું જોઈએ કે હજી તેની સમજણમાં ક્રમબદ્ધપર્યાય આવી નથી.”

પ્રશ્નઃ– “હમણા આપે કહ્યું કે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પર્યાય ઉપર દ્રષ્ટિ રાખવાથી નહિ થાય, ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ ઉપર દ્રષ્ટિ રાખવાથી થશે તો પછી ક્રમબદ્ધપર્યાયના નિર્ણયની જરૂર જ શી છે? બસ અમે તો જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈ લઈએ ને? ”

ઉત્તરઃ– “લઈ શકતા હો તો લઈ લ્યોને? કોણ ના કહે છે? પણ વિકલ્પમાં પર્યાયની સ્વતંત્રતાનો નિર્ણય થયા વિના પર્યાય ઉપરથી દ્રષ્ટિ ખસે છે ક્યાં? અને જ્ઞાયકસ્વભાવ ઉપર દ્રષ્ટિ ગયા વિના ક્રમબદ્ધપર્યાયનો પણ સાચો નિર્ણય થતો નથી.

તથા જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ જ જાય છે. તેથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય ન કરવાની વાત ક્યાં રહી? જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ ગયા પહેલાં આગમ અને યુક્તિના આધારે વિકલ્પાત્મક નિર્ણય તો થઈ શકે છે, સાચો નહિ. પણ વિકલ્પાત્મક નિર્ણયે ય જરૂરી છે, તેના વિના પર્યાયનો મહિમા ખસતો જ નથી, પર્યાય ઉપરથી દૃષ્ટિ ખસતી જ નથી.”

પ્રશ્નઃ– “તો એનો અર્થ એ થયો કે પહેલાં આગમ અને યુક્તિના આધારે વિકલ્પાત્મક જ્ઞાનમાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરીએ, પછી જ્યારે અમારી દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને જ્ઞાયકસ્વભાવ ઉપર જશે–સ્થિર થશે ત્યારે ક્રમબદ્ધપર્યાયની સાચી શ્રદ્ધા થશે?”

ઉત્તરઃ– “હા, ભાઈ! વાત તો એમ જ છે.”

પ્રશ્નઃ– “આગમના આધારે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો એ વાત તો બરાબર, પણ લોકોનું તો એવું કહેવું છે કે શાસ્ત્રોમાં તો ક્યાંય ક્રમબદ્ધપર્યાય આવી નથી–એ તો આપે નવી કાઢી છે.”

ઉત્તરઃ– “ના, ભાઈ! એવી વાત નથી. શાસ્ત્રોમાં અનેક સ્થાનો પર ક્રમબદ્ધની વાત આવે છે. સમયસારના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં છે. ત્યાં આત્મખ્યાતિ ટીકામાં ‘ક્રમનિયમિત’ એવો મૂળ પાઠ છે.”

પ્રશ્નઃ– “‘ક્રમનિયમિત’ નો અર્થ શો છે?”

ઉત્તરઃ– “ક્રમનિયમિત શબ્દમાં ક્રમ અર્થાત્ ક્રમસર (નંબર પ્રમાણે) તથા નિયમિત અર્થાત્ નિશ્ચિત. જે વખતે જે પર્યાય આવવાની છે તે જ આવશે, તેમાં ફેરફાર થઈ શકતો નથી.”

પ્રશ્નઃ– “સમયસારમાં તો છે, પણ કોઈ બીજા શાસ્ત્રમાંય છે કે નહિ? સમયસાર તો આપનું જ શાસ્ત્ર છે.”

ઉત્તરઃ– “લ્યો, આ સારી વાત કહી. સમયસાર અમારું કેવી રીતે છે? અમે તો એ વાંચીએ છીએ, છે તો તે પરમ પૂજ્ય દિગંબરાચાર્ય શ્રી કુંદકુંદદેવનું.

પ્રવચનસારમાં પણ ગાથા ૯૯, ૧૦૦, ૧૦૧, અને ૧૦૨ માં છે. વિસ્તારથી સર્વ વાત કહી છે. જન્મક્ષણ અને સ્વઅવસરની વાત આવે છે. આકાશના પ્રદેશો (વિસ્તારક્રમ) નું ઉદાહરણ આપીને કાળક્રમ (પ્રવાહક્રમ) સમજાવ્યો છે. જેમ કે–જે પ્રદેશ જ્યાં જ્યાં છે, તે ત્યાં ત્યાં જ રહે છે, તેમાં આગળ પાછળ થવાનું સંભવિત

નથી. તેવી જ રીતે જે જે પર્યાયો જે જે કાળમાં થવાની છે, તે તે પર્યાયો તે તે કાળમાં જ થશે, તેમનું આગળ–પાછળ થવું સંભવિત નથી.

પ્રત્યેક પર્યાય સ્વયં સત્ છે, અહેતુક છે. સમયસારના બંધ અધિકારમાં પર્યાયને અહેતુક કહેલ છે."

પ્રશ્નઃ– "પર્યાય અહેતુક તો છે, પણ આના પછી આ જ થશે–એ કેવી રીતે બની શકે?"

ઉત્તરઃ– "એમાં ન થઈ શકવાની શી વાત છે? આના પછી આ જ થશે; જે થવાની છે તે જ થશે –એમ જ છે. મોતીઓના હારનું દ્રષ્ટાંત આપીને સમજાવ્યું છે ને? જેમ માળામાં જે મોતી જ્યાં છે, ત્યાં જ રહેશે. જો તેને આગળ પાછળ કરવામાં આવે તો માળા તૂટી જાય છે. તેવી જ રીતે જે પર્યાય જે સમયે થવાની હશે, તે જ સમયે થશે, આગળ–પાછળ કરવાથી વસ્તુ વ્યવસ્થા જ નહિ રહે. તેને આગળ પાછળ થવાનું કારણ શું છે? તે અકારણે તો આગળ પાછળ થઈ નહિ જાય? જો કોઈ કારણ હોય તો પછી પર્યાય અહેતુક નહિ રહે."

પ્રશ્નઃ– "પ્રવચનસાર પણ શ્રી કુંદકુંદનું જ છે. શું કોઈ બીજા આચાર્યોના શાસ્ત્રોમાં ક્રમબદ્ધની વાત નથી આવતી?"

ઉત્તરઃ– "કેમ નથી આવતી? કાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથા ૩૨૧ થી ૩૨૩ સુધીમાં આવે છે. ચારેય અનુયોગોના શાસ્ત્રોમાં કોઈ ને કોઈ રૂપે આ વાત આવે જ છે.

વળી સર્વજ્ઞતાની વાત તો બધા શાસ્ત્રોમાં છે. જો સીધી સમજવામાં ન આવતી હોય તો સર્વજ્ઞતાના આધારે ક્રમબદ્ધપર્યાય સમજવી જોઈએ. 'કેવળજ્ઞાનીએ જેવું જોયું હશે–તેવું જ થશે' નો એ જ અર્થ થાય છે કે ભવિષ્યમાં જે સમયે જે પર્યાય થવાની છે, તે જ થશે."

પ્રશ્નઃ– "આપ ક્રમબદ્ધપર્યાય સિદ્ધ કરવામાં સર્વજ્ઞતાનો આશ્રય શા માટે લ્યો છો? સીધા જ સમજાવો ને?"

ઉત્તરઃ– "અરે ભાઈ! અમે તો એમ કહ્યું છે કે જો સીધું સમજવામાં ન આવી શકે તો સર્વજ્ઞતાનો આશ્રય લેવો જોઈએ, કેમ કે સર્વજ્ઞતાના આધારે સમજવામાં સરળતા પડે છે."

પ્રશ્નઃ– "સર્વજ્ઞતાના આધારે સમજવામાં સરળતા કેવી રીતે રહે છે?"

ઉત્તરઃ– "સર્વજ્ઞ ભગવાન ત્રણ લોકનાં સમસ્ત દ્રવ્યો અને તેમની ત્રિકાળવર્તી

સમસ્ત પર્યાયોને એકીસાથે જાણે છે. ભૂતકાળ અને વર્તમાન પર્યાયોની સાથોસાથ તેઓ ભવિષ્યમાં થનારી પર્યાયોને પણ જાણે છે.”

પ્રશ્નઃ– “જાણે છે નું શું તાત્પર્ય છે? ”

ઉત્તરઃ– “એ જ કે જે દ્રવ્યની જે પર્યાય ભવિષ્યમાં જે સમયે જેવી થવાની છે તેને સર્વજ્ઞ અત્યારે જ જાણે છે. તેથી જે ભાવી પર્યાયો સર્વજ્ઞના જ્ઞાનમાં જેવી આવી છે તે તેવી જ થશે, તેમનામાં કોઈ ફેરફાર સંભવિત નથી.

કેવળજ્ઞાન (સર્વજ્ઞતા)નો નિર્ણય અર્થાત્ અર્હન્તનો નિર્ણય. પ્રવચનસાર ગાથા ૮૦ માં આવે છે કે જે અર્હન્ત ભગવાનને દ્રવ્યરૂપે, ગુણરૂપે અને પર્યાયરૂપે જાણે છે, તેનો મોહ નાશ પામે છે.

અમને ૬૩ વર્ષ પહેલાં ફાગણ સુદ ૧૪ના દિવસે એ જ ભાવ અંદરથી આવ્યો હતો, શબ્દ ખ્યાલમાં નહોતા, વાચન પણ નહોતું, પણ ભાવ એ જ ખ્યાલમાં આવ્યો હતો.”

પ્રશ્નઃ– “કેવળી ભગવાન ભૂત–ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે કે તે પર્યાયોને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે?”

ઉત્તરઃ– “પ્રત્યેક પદાર્થની ભૂત અને ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં અવિદ્યમાન –અપ્રગટ હોવા છતાં પણ સર્વજ્ઞ ભગવાન તેમને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે. અનંતકાળ પહેલાં થઈ ગયેલી ભૂતકાળની પર્યાયો અને અનંતકાળ પછી થનારી ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન હોવા છતાં પણ કેવળજ્ઞાન વર્તમાનની જેમ પ્રત્યક્ષ જાણે છે.

અહાહા! જે પર્યાયો થઈ ગઈ અને થવાની છે; એવી ભૂત–ભવિષ્યની પર્યાયોને પ્રત્યક્ષ જાણે તે જ્ઞાનની દિવ્યતાનું શું કહેવું? કેવળી ભગવાન ભૂત–ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે–એમ નથી. પરંતુ તે બધી પર્યાયોને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે, એ જ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત–ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન જ છે. ઓહો! એક સમયની કેવળજ્ઞાનની પર્યાયની એવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે, તો પૂરા દ્રવ્યનું સામર્થ્ય કેટલું વિસ્મયપૂર્ણ અને આશ્ચર્યજનક હશે? તેનું શું કહેવું?

આહાહા! પર્યાયની ગુલાંટ મારવી એ કોઈ નાની વાત છે? પર્યાય તો અનાદિથી પરમાં જ જઈ રહી છે, તેને પલટીને અંદરમાં લઈ જવાની છે. ઊંડાણમાં લઈ જવી એ મહાન પુરુષાર્થનું કામ છે. પરિણામમાં અપરિણામી ભગવાનના દર્શન થઈ જાય એ પુરુષાર્થ અપૂર્વ છે.”

પ્રશ્નઃ– “કેવળીભગવાન નિશ્ચયથી તો કેવળ પોતે પોતાને જાણે છે, પરને તો તેઓ વ્યવહારથી જાણે છે, એમ નિયમસારમાં કહ્યું છે અને સમયસારમાં વ્યવહારને જૂઠો કહ્યો છે. જૂઠો અર્થાત્ અસત્યાર્થ... એનો અર્થ શો ? ”

ઉત્તરઃ– “વ્યવહાર છે જ નહિ–એવો તેનો અર્થ નથી. વ્યવહાર જાણવા લાયક છે એમ ૧૨મી ગાથામાં કહ્યું છે. તે જાણેલો પ્રયોજનવાન છે. સર્વથા જૂઠો નથી, તેને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો છે. પ્રવચનસારની ટીકામાં પાંડે હેમરાજજીએ કહ્યું છે કે વ્યવહારને ગૌણ કરીને અસત્ય કહ્યા છે, અભાવ કરીને અસત્ય નથી કહ્યો.”

પ્રશ્નઃ– “તો શું કેવળી પરને જાણતા નથી ?”

ઉત્તરઃ– “કોણ કહે છે ? જાણે છે તો તેઓ બધા પદાર્થોને.”

પ્રશ્નઃ– “તો પછી તેમના પરને જાણવાને વ્યવહાર કેમ કહ્યો ?”

ઉત્તરઃ– “પર છે–તેથી તથા તન્મય થઈને નથી જાણતા–તેથી પણ.”

પ્રશ્નઃ– “ક્રમબદ્ધ માનવાથી બધી ગરબડ થઈ જાય છે ?”

ઉત્તરઃ– ગરબડ તો ક્રમબદ્ધ ન માનવાથી થાય છે. ક્રમબદ્ધ માનવાથી તો બધી ગરબડ ઉડી જાય છે. વસ્તુમાં તો ક્યાંય ગરબડ છે જ નહિ, તે તો પૂર્ણ વ્યવસ્થિત છે. અજ્ઞાનીની મતિ જ અવ્યવસ્થિત થઈ ગઈ છે તે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાથી મતિ વ્યવસ્થિત થઈ જાય છે.”

પ્રશ્નઃ– “જો અમારા કરવાથી કાંઈ થતું જ નથી તો પછી કોઈ કાર્ય શા માટે કરે ? જો કોઈ બનાવશે જ નહિ તો આ મંડપ કેવી રીતે બનશે ? કારખાના કેવી રીતે ચાલશે ? બધી વ્યવસ્થા જ ગુંચવાઈ જશે.”

ઉત્તરઃ– “કોણ મંડપ બનાવે છે ? કોણ કારખાના ચલાવે છે ? અજ્ઞાની મંડપ બનાવવા અને કારખાના ચલાવવાનું અભિમાન કરે છે–એ વાત તો સાચી છે, પણ કોઈ કોઈને બનાવતું કે ચલાવતું નથી. જ્યાં એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અત્યંત અભાવ છે ત્યાં એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં શું કરી શકે ? અત્યંત અભાવનો અર્થ શો ? એ જ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું પણ નથી. અડે તો અભાવ ન રહે.”

પ્રશ્નઃ– “જો આપ એવો ઉપદેશ આપશો તો લોકો આળસુ થઈ જશે. જો એના કરવાથી કાંઈ થતું જ નથી તો કોઈ પુરુષાર્થ શા માટે કરે ?”

ઉત્તરઃ– “ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં જ સાચો પુરુષાર્થ છે કેમ કે ક્રમબદ્ધનો નિર્ણય કરવામાં જ્ઞાયકસ્વભાવ ઉપર દ્રષ્ટિ જાય છે. જેમ જ્ઞાયકમાં ભવ નથી, તેવી જ રીતે

ક્રમબદ્ધનો નિર્ણય કરનારને પણ ભવ હોતા નથી; એક બે ભવ રહે છે, તે પણ જ્ઞેય તરીકે રહે છે.

પોતાની મતિમાં ક્રમબદ્ધની વ્યવસ્થાને વ્યવસ્થિત કરવી તે જ સાચો પુરુષાર્થ છે.”

પ્રશ્નઃ– “પર્યાય તો વ્યવસ્થિત જ થવાની છે અર્થાત્ પુરુષાર્થની પર્યાય તો જ્યારે તેના પ્રગટ થવાનો કાળ આવશે ત્યારે જ પ્રગટ થશે–એવી સ્થિતિમાં હવે કરવાનું શું રહ્યું? ”

ઉત્તરઃ– “વ્યવસ્થિત પર્યાય છે–એવું જાણ્યું ક્યાંથી? વ્યવસ્થિત પર્યાય દ્રવ્યમાં છે, પછી તો દ્રવ્યની ઉપર જ દ્રષ્ટિ કરવાની છે. પર્યાયના ક્રમ ઉપર દ્રષ્ટિ ન કરતાં, ક્રમસર પર્યાય જેમાંથી પ્રગટ થાય છે–એવા દ્રવ્યસામાન્ય ઉપર જ દ્રષ્ટિ કરવાની છે, કેમ કે તેના ઉપર દ્રષ્ટિ કરવામાં અનન્ત પુરુષાર્થ આવી જાય છે. ક્રમબદ્ધના સિદ્ધાંતથી અકર્તાપણું સિદ્ધ થાય છે, ક્રમ સમક્ષ જોવાનું નથી.”

પ્રશ્નઃ– “ક્રમબદ્ધમાં કરવાનું શું આવ્યું?”

ઉત્તરઃ– “કરવાનું છે જ ક્યાં? કરવામાં તો કર્તૃત્વબુદ્ધિ આવે છે. કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે, પરમાં તો કાંઈ કરી શકતો જ નથી, પોતામાં પણ જે થવાનું છે તે જ થાય છે અર્થાત્ પોતામાં પણ જે રાગ થવાનો છે તે થાય છે, તેનું શું કરવું? રાગમાં પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાયથી પણ દ્રષ્ટિ ખસી ગઈ, ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતા–દ્રષ્ટા થઈ ગયો, નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ, રાગ કરૂં એ વાત તો દૂર રહી ગઈ. અરે! જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે, કર્તૃત્વબુદ્ધિ પણ છૂટી જાય છે અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગ કરવો છે, રાગમાં અટકવું છે, તેને ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગ કરવો, રાગ છોડવો–એ પણ આત્મામાં નથી. આત્મા તો એકલો જ્ઞાનસ્વરૂપ છે.

પરની પર્યાય તો જે થવાની છે તે તો થાય જ છે તેને હું શું કરું? અને મારામાં જે રાગ આવે છે તેને હું શું લાવું? અને મારામાં જે શુદ્ધ પર્યાય તેને કરું–લાવું એવા વિકલ્પથી પણ શું? પોતાની પર્યાયમાં થનારો રાગ અને થનારી શુદ્ધ પર્યાય તેને કરવાનો વિકલ્પ શો? રાગ અને શુદ્ધ પર્યાયના કર્તૃત્વનો વિકલ્પ શુદ્ધ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવી જવું તે જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.”

પ્રશ્નઃ– “ક્રમબદ્ધપર્યાયની વાત કહીને આપ સિદ્ધ શું કરવા ઈચ્છો છો?”

ઉત્તરઃ– “ક્રમબદ્ધના સિદ્ધાંતથી મૂળ તો અકર્તાપણું સિદ્ધ કરવું છે. જૈનદર્શન

અકર્તાવાદી છે. આત્મા પરદ્રવ્યનો તો કર્તા છે જ નહિ, રાગનો પણ કર્તા નથી અને પર્યાયનો પણ કર્તા નથી. પર્યાય પોતાની જ જન્મક્ષણમાં પોતાના જ છ કારકથી સ્વતંત્ર રૂપે જે થવા યોગ્ય હોય તે જ થાય છે. પરંતુ આ ક્રમબદ્ધનો નિર્ણય પર્યાયના લક્ષે થતો નથી. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ધાતુ ઉપર દ્રષ્ટિ જાય છે અને ત્યારે જ જાણનારી જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધપર્યાયને જાણે છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય સ્વભાવ સન્મુખવાળા અનંત પુરુષાર્થપૂર્વક હોય છે. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે અને આ વીતરાગતા પર્યાયમાં ત્યારે જ પ્રગટ થાય છે જ્યારે વીતરાગસ્વભાવ ઉપર દ્રષ્ટિ જાય છે. સમયસાર ગાથા ૩૨૦ માં કહ્યું છે કે જ્ઞાન બંધ–મોક્ષનો કર્તા નથી, પરંતુ જાણે જ છે. આહાહા! મોક્ષને જાણે છે; મોક્ષને કરે છે–એમ નથી કહ્યું. પોતામાં થનારી ક્રમબદ્ધપર્યાયનો કર્તા છે–એમ નહિ, પરંતુ જાણે છે–એમ કહ્યું; ગજબ વાત છે.”

પ્રશ્નઃ–“જો કાંઈ કરવાનું જ નથી, તો પછી આપ આત્માનો અનુભવ કરવાનો જ્ઞાયકસ્વભાવ સન્મુખ દ્રષ્ટિ કરવાનો ઉપદેશ કેમ આપો છો?”

ઉત્તરઃ– “અમે ક્યાં ઉપદેશ આપીએ છીએ? વાણી તો જડ છે તેથી જડને કારણે નીકળે છે. પરમ પૂજ્ય અમૃતચન્દ્રાચાર્યદેવ આત્મખ્યાતિના અંતે લખે છે કે ટીકા અમે લખી છે–એમ જાણીને મોહમાં ન નાચો. આ તો અક્ષરો અને શબ્દોની પરિણતિ છે, અમારી નથી. ભાષા તો અમારી છે જ નહિ, સમજાવવાના વિકલ્પને પણ જ્ઞાની પોતાના માનતા નથી. અમે તો પરને અને વિકલ્પને પણ માત્ર જાણીએ છીએ અને તે પણ વ્યવહારથી, નિશ્ચયથી તો અમે માત્ર અમને જાણીએ છીએ.”

પ્રશ્નઃ–“બધા ગુણોનું કાર્ય વ્યવસ્થિત જ છે તો પછી પુરુષાર્થ કરવાનું પણ રહેતું નથી?”

ઉત્તરઃ– “જેને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ભાસતો નથી, તેને વ્યવસ્થિતપણું બેઠું જ ક્યાં છે?”

પ્રશ્નઃ– “તેને વ્યવસ્થિતપણાનું શ્રદ્ધાન ન થયું તો તેનું તેવું પરિણમન પણ વ્યવસ્થિત જ છે. તે વ્યવસ્થિતપણાનો નિર્ણય ન કરી શક્યો એ વાત પણ વ્યવસ્થિત જ છે. એવી દશામાં નિર્ણય કરવાનું કથન કરવું વ્યર્થ જ છે?”

ઉત્તરઃ–“તેનું પરિણમન વ્યવસ્થિત જ છે એવી તેને ખબર ક્યાં છે? પરિણમન વ્યવસ્થિત છે–એવું સર્વજ્ઞે કહ્યું છે, પરંતુ તેને સર્વજ્ઞનો નિર્ણય જ ક્યાં છે? પ્રથમ તે સર્વજ્ઞનો નિર્ણય તો કરે? પછી તેને વ્યવસ્થિતની ખબર પડે.”

પ્રશ્નઃ– “વ્યવસ્થિત પરિણમનશીલ વસ્તુ છે, આ પ્રકારની ભગવાનના કથનની શ્રદ્ધા તેને છે?”

ઉત્તરઃ– “ના, સર્વજ્ઞ ભગવાનનો સાચો નિર્ણય તેને ક્યાં છે? પહેલાં સર્વજ્ઞનો

નિશ્ચય થયા વિના વ્યવસ્થિતનો નિર્ણય ક્યાંથી આવ્યો? માત્ર જ્ઞાનીની વાતો સાંભળી–સાંભળીને તેમનું તેમ જ કહે તો એનાથી કામ ન ચાલે. પ્રથમ સર્વજ્ઞનો નિર્ણય તો કરો. દ્રવ્યનો નિર્ણય કર્યા વિના સર્વજ્ઞનો નિર્ણય વાસ્તવમાં થઈ શકતો નથી.”

પ્રશ્નઃ–“આપ સમજાવતા પણ જાવ છો અને કહેતા પણ જાવ છો કે અમે ક્યાં સમજાવીએ છીએ?”

ઉત્તરઃ– “કોણ સમજાવે છે? કહ્યું ને કે ભાષાને કારણે ભાષા થાય છે, વિકલ્પના કારણે વિકલ્પ થાય છે અને તે જ સમયે ભાષા અને વિકલ્પનું જ્ઞાન પોતાને કારણે થાય છે. એમાં અમારું કર્તાપણું ક્યાં રહ્યું.”

પ્રશ્નઃ– “તેથી તો લોકો કહે છે કે આપની કરણી અને કથનીમાં અંતર છે?”

ઉત્તરઃ– (અત્યંત ગંભીર થઈ) “વસ્તુસ્વરૂપ એવું છે, અમે શું કરીએ? જેવું શ્રદ્ધાન, જ્ઞાન અને વચન છે તેવું ચારિત્ર પણ હોવું જોઈએ, તે અત્યારે નથી; પણ શ્રદ્ધામાં ફેર નથી. કરણી અને કથનીનું આ અંતર તો છે જ. પણ એ અંતર તો ક્ષાયક સમ્યગ્દ્રષ્ટિ ભરતાદિ ચક્રવર્તીઓને પણ હતું. ચોથા ગુણસ્થાનવાળા બધા જ્ઞાનીઓને હોય છે–એમાં અમે શું કરીએ?”

પ્રશ્નઃ– “જો આ શ્રદ્ધા અને ચારિત્રનો ભેદ મટી જાય તો ઘણું સારૂં થાય?”

ઉત્તરઃ– “મટી જાય તો શું કહેવું? અમે પણ નિરંતર એ જ ભાવના ભાવીએ છીએ. પરંતુ ૠષભદેવને ય ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્રદોષ રહ્યો હતો. એક ગુણ બીજા ગુણમાં દોષ ઉત્પન્ન નથી કરતો–આ મહાસિદ્ધાંત છે. નહિ તો સમ્યગ્દર્શન થઈ શકે નહિ. ચારિત્ર અને વીર્યમાં દોષ છે, પરંતુ સમ્યગ્દર્શનમાં દોષ નથી.”

અંતે ચર્ચામાં બેઠેલા હજારો લોકોને સંબોધિત કરતાં સ્વામીજી બોલ્યા–“આજે ચર્ચા સારી થઈ, પંડિતજીએ સારા પ્રશ્નો કર્યા.”

“ક્રમબદ્ધ તો ભાઈ જૈનદર્શનનું મસ્તક છે, જૈનદર્શનની આંખ છે, વસ્તુસ્વભાવની મર્યાદા છે. એ સમજવું અને નિઃસંદેહ થવું એ ઘણી અલૌકિક વાત છે. આજે ભલે તેને ઓછા માણસો સમજતા હોય, પણ હજારો લોકો તેને ઘણા પ્રેમથી સાંભળે છે. સાંભળો....ભાઈ સાંભળો....બધાં સાંભળો....વાંચો....અને બધાનું કલ્યાણ થાવ” એમ કહેતાં તેમણે પોતાની વાત પૂરી કરી. ❄ ❄ ❄

## નયે પ્રકાશન

**ગુજરાતી**

(૧) શ્રી સમયસાર શાસ્ત્ર ૧૫–૦૦
(૨) ધર્મના દશલક્ષણ ૪–૦૦
(૩) સત્યની શોધ ૨–૦૦
(૪) દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશ ભાગ–૩ ૪–૫૦

**હિંદી**

(૧) નાટક સમયસાર ૭–૫૦
(૨) પુરુષાર્થસિદ્ધિઉપાય ૫–૦૦

[ જ્ઞાનગોષ્ઠી.....પાનું ૩૫ થી ચાલુ ]

છે તેમાં પરદ્રવ્ય નિમિત્ત છે. તે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ એમ એમ જાહેર કરે છે કે આત્મા એકલો સ્વભાવથી વિકારનો અકારક જ છે.

* જે શ્રમણ ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીપકના પ્રકાશ વડે, યથાસ્થિત પદાર્થના નિશ્ચય વડે, ઉત્સુકતા ટાળીને સ્વરૂપમાં જામી ગયા છે, આનંદની ધારામાં મસ્ત થઈ ગયા છે, ઉપશમરસના ઢાળામાં ઢળી ગયા છે ને તેમાંથી બહાર આવવા આળસુ થઈ ગયા છે, વનમાં વાઘ, સિંહ ને વરું ત્રાડું નાખતા હોય છતાં નિર્ભય થઈને સ્વરૂપના શાંતરસને–અતીન્દ્રિય આનંદને ચૂસે છે, સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે વર્તે છે તે શ્રમણને સાક્ષાત્ મોક્ષતત્ત્વ કહે છે. હજી છે તો સાધક દશા, છતાં સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે વર્તતા શ્રમણને સાક્ષાત્ મોક્ષતત્ત્વ કહે છે. આહાહા! પંચમઆરાના સાધુને મોક્ષતત્ત્વ કહ્યું! પંચમઆરામાં મુક્તિ નથી ને? અરે! પંચમઆરાના સંત મુનિ પંચમઆરાના શ્રોતાને કહે છે મુક્તિ નથી એમ નથી પણ સ્વરૂપમાં વર્તતા સંતને સાક્ષાત્ મોક્ષતત્ત્વ કહ્યું છે. કેમ કે અલ્પકાળમાં મોક્ષ થવાનો છે માટે એ અલ્પકાળને ગૌણ કરીને સાક્ષાત્ મોક્ષ છે તેમ કહે છે.

* જેણે મિથ્યાત્વની મંદતા કરીને કુદેવ કુશાસ્ત્ર–કુગુરુની શ્રદ્ધા છોડી છે અને સુદેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા પ્રાણ જાય તોપણ છૂટે નહિ એવી દ્રઢ કરી છે, કષાયની મંદતા પણ એટલી કરી છે કે હજારો સ્ત્રી–પુત્ર–રાજપાટ આદિ છોડી નગ્નપણું અંગીકાર કરી જિન ભગવાને કહેલા પંચ મહાવ્રત શીલ સંયમ તપ આદિ પરિપૂર્ણપણે પાળે છે છતાં જ્ઞાયકસ્વરૂપ આત્માના અંતરભાન વિના પુણ્યથી ધર્મ થાય, પરદ્રવ્યોથી –નિમિત્તથી લાભ થાય એવા અવિવેકથી પદાર્થોને અન્યથા જ અંગીકાર કરે છે, તે જીવ દ્રવ્યલિંગ ધારવા છતાં મહામોહમળથી મલિન મનવાળો હોવાથી અનંત સંસારમાં રખડનાર છે. તેથી આત્મજ્ઞાન વિનાના દ્રવ્યલિંગીને સંસારતત્ત્વ કહ્યું છે. મિથ્યાત્વને ટાળ્યા વિના એવું દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યું છે પણ અંતરમાં સૂક્ષ્મ તત્ત્વ–જ્ઞાયક તત્ત્વ અંદર પડયું છે તેની સન્મુખ જ્ઞાનને વાળ્યા વિના દ્રવ્યલિંગ ધારી, શુભક્રિયાકાંડ કરી, દ્રષ્ટિને સમ્યક્ કર્યા વિના અનંતકાળ સંસારના દુઃખમય ફળને ભોગવનાર હોવાથી તેને સંસાર તત્ત્વ કહ્યું છે.

* અરે! એક તસુમાં છન્નુ છન્નુ રોગ છે તો આખા શરીરમાં રોગ કેટલા? શરીર તો રોગની મૂર્તિ છે અને આત્મા આનંદનો સાગર છે. રોગથી ઘેરાઈ જાય

ત્યારે ક્યાં જવું? અરે! અંદર આત્મા વજ્રનો કિલ્લો છે, જ્યાં રોગનો અને રાગનો પ્રવેશ નથી, એકલો આનંદ જ ભર્યો છે ત્યાં ઘૂસી જવું! આત્મા પરમ શરણ ને શાંતિનું ધામ છે.

* મુનિરાજ વારંવાર નિર્વિકલ્પપણે ચૈતન્યનગરમાં પ્રવેશી અદ્‌ભુત ઋદ્ધિને અનુભવે છે, જે નગરમાં કોઈ કર (ટેક્ષ) નથી, કોઈ દબાણ નથી એવા ચૈતન્યનગરમાં પ્રવેશીને મુનિરાજ અદ્‌ભૂત ઋદ્ધિનો અનુભવ કરે છે. ક્ષણેક્ષણે ચૈતન્યમાં પ્રવેશ કરીને ભિન્ન ભિન્ન પ્રકારની ચમત્કારીક પર્યાયોના તરંગોમાં ડોલે છે. જ્ઞાનપર્યાય, આનંદપર્યાય, શ્રદ્ધાપર્યાય, સ્વચ્છત્વ આદિની ચમત્કારીક પર્યાયોથી આશ્ચર્યકારી આનંદના તરંગોમાં ડોલે છે. સમ્યગ્દ્રષ્ટિ અને મુનિરાજને આત્માના આનંદનું સ્વસંવેદન છે. તેની પાસે શુભરાગનું વેદન ઝેર રૂપ લાગે છે.

પ્રશ્નઃ– સમયસારની ટીકા કરવાથી મલિનતા નાશ થાય છે?

ઉત્તરઃ– ટીકા કરવાના વિકલ્પથી મલિનતા નાશ થતી નથી પણ ટીકાના કાળમાં દ્રષ્ટિના જોરથી અંતરમાં એકાગ્રતા વધતી જાય છે તેનાથી મલિનતા નાશ થાય છે તેનો ઉપચાર કરીને ટીકાથી મલિનતા નાશ થાય છે તેમ વ્યવહારથી કહ્યું છે.

પ્રશ્નઃ– વાદિરાજ મુનિરાજને સ્તુતિ કરતાં કોઢ મટી ગયો, માનતુંગાચાર્યને સ્તુતિ કરતાં જેલના તાળા તૂટી ગયા, સીતાજીને બ્રહ્મચર્યના કારણે અગ્નિનું જળ થઈ ગયું તેમ શાસ્ત્રમાં આવે છે ને?

ઉત્તરઃ– પૂર્વના પુણ્યના યોગથી વાદિરાજમુનિને રોગ મટી ગયો અને માનતુંગાચાર્યને તાળા તૂટી ગયા અને સીતાજીને અગ્નિનું જળ થઈ ગયું હતું પણ તેનો આરોપ વર્તમાન પ્રભુભક્તિ અને બ્રહ્મચર્ય આદિ ઉપર કરવામાં આવે એવી પ્રથમાનુયોગની કથન પદ્ધતિ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તેનો ખુલાસો ઘણો કર્યો છે.

* જેમ સફેદ શંખ ગમે તેટલી કાળી માટી વિગેરે ખાય છતાં તે કાળી વસ્તુ સફેદ શંખને કાળો કરી શકતી નથી. તેમ ચૈતન્યસ્વરૂપ આત્માને ગમે તેવો આકરો કર્મનો ઉદય આવે ને આકરા પ્રતિકૂળ સંયોગો આવે તોપણ તે જ્ઞાનસ્વરૂપ આત્માને અજ્ઞાનરૂપે કરી શકતા નથી કે ક્રોધાદિ કષાયરૂપે પરિણમાવી શકતા નથી. આત્મા જો ક્રોધાદિ અજ્ઞાનરૂપે પરિણમે છે તો તે પોતાના જ અપરાધથી પરિણમે છે પણ પરદ્રવ્યો આત્માને બીલકુલ વિકાર કરાવી શકતા નથી. દેવ–ગુરુ આદિ પરદ્રવ્યના લઈને આત્મા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે થાય છે એમ નથી પણ આત્મા પોતે જ પોતાથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ગુણરૂપે પરિણમે છે તેથી સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્ર પ્રગટ થાય છે. પરદ્રવ્ય આત્માને અજ્ઞાની કે જ્ઞાની બીલકુલ કરી શકતા નથી. આત્મા પોતે જ પોતાના અપરાધથી

ક્રોધાદિરૂપ અને પોતાના ગુણથી જ્ઞાનરૂપે થાય છે.

* આત્માને વિશ્વનો અધિષ્ઠાન કહ્યો છે. વિશ્વનો અધિષ્ઠાન આત્મા–પ્રભુ એ કેવો ને કેવડો છે? –કે સત્‌લક્ષણવાળું વાચક શબ્દબ્રહ્મ છે અને તેના વાચ્યભૂત સત્‌લક્ષણવાળું આખુય વિશ્વ, તે બન્નેના જ્ઞેયાકારો પોતામાં ગૂંથાઈ જવાથી જ્ઞાતૃતત્ત્વને અધિષ્ઠાન કહ્યું છે. વિશ્વમાં અનંતા જીવો, અનંતા પુદ્‌ગલો, અનંતા સિદ્ધો આદિ બધું વિશ્વમાં આવી જાય છે અને તેનાં અધિષ્ઠાનરૂપ જ્ઞાનસ્વરૂપ આત્મા છે. વિશ્વના જ્ઞેયાકારો જ્ઞાનમાં ગૂંથાઈ ગયા હોવાથી એકીસાથે જાણવામાં આવે છે. પંચ પરમેષ્ઠી અને તેના પ્રત્યેની ભક્તિનો રાગ એ જ્ઞેય છે, શરીર રોગી હોય કે નિરોગી હોય એવી શરીરની પર્યાય, રાગપર્યાય એ બધું જ્ઞેય છે, તે વિશ્વમાં જાય છે. શરીરાદિના પરિણમનના જ્ઞેયાકારરૂપે જ્ઞાન પરિણમે છે એટલે શરીરાદિ અને ભક્તિ આદિનો રાગ છે તે જ્ઞેયોને જ્ઞાન જાણનાર જ છે. રાગાદિ જ્ઞેયોના આકારે જ્ઞાન જાણવારૂપે પરિણમે છે એટલે રાગાદિ આખાય વિશ્વનો જ્ઞાન જાણનાર છે, રાગાદિનો કરનાર નથી. રાગ મને થાય છે એમ સમ્યગ્દ્રષ્ટિ માનતા નથી. શબ્દબ્રહ્મ અને તેના વાચ્યભૂત આખાય વિશ્વના જ્ઞેયાકારો એક સમયે જ્ઞાનમાં ગૂંથાઈ જાય છે એટલે આત્મા વિશ્વના પદાર્થોનો જાણનાર જ છે પણ કરનાર નથી. શરીર, મન, વાણી અને શુભાશુભ રાગનો આત્મા કરનારો નથી પણ જાણનારો છે. આ આત્મા પ્રભુ છે એ કોણ છે અને કેવડો છે?–કે આખા વિશ્વને જાણનારો છે, કરનારો નથી. અરે! પ્રભુના વિરહ પડયા! પણ ભગવાનના વિરહ ભુલાવે એવી ત્રિલોકીનાથની વાણી ત્રણ કષાયના અભાવવાળા વીતરાગી સંતોએ કહી છે.

* આત્મા સર્વગત્ નયે સર્વવર્તી છે. વિશ્વના સર્વ પદાર્થો છે તે જ્ઞેય છે, એ સર્વ જ્ઞેયોના આકારે જ્ઞાનનું જ્ઞેયાકારરૂપે પરિણમવું તે જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞેયાકારરૂપે પરિણમવું તે જ્ઞાનની યોગ્યતાનો ધર્મ છે. જેવા જ્ઞેયો છે તેના આકારે જ્ઞાન પોતે જ્ઞેયાકારે પરિણમે છે એ જ્ઞાન પોતાની યોગ્યતાથી પરિણમે છે. રાગને કરવું... કરવું કરે છે તે જ્ઞાનસ્વભાવને સમજતો નથી. જ્ઞેય છે તેને મારું માનવું એવો તારો –જ્ઞાનનો ધર્મ નથી અને જ્ઞેયને કરવું એવો પણ તારો ધર્મ નથી પણ જ્ઞેયને જાણવું તે તારો ધર્મ છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ જ્યાં પ્રતીતિમાં આવ્યો, અનુભવમાં આવ્યો એ સમ્યગ્દર્શનમાં સિદ્ધ સમાન પ્રતીતિ થઈ છે. એ સમ્યગ્દર્શન તિર્યંચનું અને સિદ્ધનું સમાન છે. પ્રતીતિમાં સમ્યગ્દ્રષ્ટિને અંશે સિદ્ધ સમાન આનંદ આવે છે.

પ્રશ્નઃ– દ્રવ્યાનુયોગના પક્ષપાતી નિશ્ચયાભાસી હોઈ શકે?

ઉત્તરઃ– હા, નિશ્ચયનું જ્ઞાન કરી લે પણ અનુભવ કરે નહિ અને પોતાને અનુભવી માની લે તો તે નિશ્ચયાભાસી છે.

* ચક્રવર્તી છ ખંડનો ધણી છે, તેની પાસે ઝાડુ–વાસીદુ કઢાવે એ કલંક છે, તેમ ત્રણ લોકનો નાથ ભગવાન જ્ઞાતાદ્રષ્ટા છે, તેની પાસે રાગના ને પરના કામ કરાવવા એ કલંક છે, આત્માનો ઘાત કરે છે.

* આત્મા પ્રજ્ઞાસ્વરૂપ પ્રકાશનો પુંજ છે એના તરફ ઢળીને રાગથી ભિન્ન થવું તે એક જ મોક્ષનો ઉપાય છે. વ્યવહારરત્નત્રય એ શુભરાગ છે. અષ્ટપાહુડમાં પણ કહ્યું છે કે મોહ ને ક્ષોભ રહિત આત્મપરિણામ તે ધર્મ છે. દયા દાન પૂજા ભક્તિ વ્રત તપ આદિ શુભરાગથી પુણ્યબંધ થાય છે, મોક્ષનું કારણ નથી.

પ્રશ્નઃ– ત્યારે અત્યાર સુધી અમે પૂજા ભક્તિ વ્રતાદિ કર્યાં તે બધું પાણીમાં ગયું ?

ઉત્તરઃ– ના, ના, પાણીમાં નથી ગયું. એ પૂજાભક્તિ વ્રતાદિથી પુણ્ય બંધાણું અને તેનાથી ભવ મળે છે, ભવ રહિત થવાતું નથી.

પ્રશ્નઃ– ત્યારે અમારે પૂજા ભક્તિ આદિ કરવા કે ન કરવા ?

ઉત્તરઃ– કરવા ન કરવાની વાત નથી. કરવા યોગ્ય કાર્ય તો રાગથી ભિન્નતા કરી એક આત્માની અનુભૂતિ કરવી એ જ કરવા યોગ્ય કાર્ય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ છે તેના સન્મુખ ઢળતા ધર્મીને પૂર્ણ સ્થિર ન થવાય ત્યાં સુધી પૂજા ભક્તિ વ્રતાદિનો શુભ રાગ આવે છે, હોય છે, ભૂમિકા અનુસાર શુભરાગ આવ્યા વિના રહેતો નથી પણ ધર્મીજીવ તેને ધર્મ કે ધર્મનું કારણ માનતા નથી, પુણ્યબંધનું કારણ છે તેમ જાણે છે.

* જે મોક્ષનું કહેવામાત્ર–કથનમાત્ર કારણ છે એવો વ્યવહારરત્નત્રય તો ભવસાગરમાં ડૂબેલા જીવોએ પૂર્વે ભવભવમાં સાંભળ્યો છે અને કર્યો પણ છે. દયા દાન ભક્તિ વ્રત તપ આદિ શુભરાગનો વ્યવહાર તો ભવસાગરમાં ડુબેલા જીવોએ અનંતવાર સાંભળ્યો છે અને આચર્યો છે પણ તે વ્યવહારરત્નત્રય કાંઈક કથનમાત્ર મોક્ષનું કારણ છે પરંતુ ખરેખર તો તે બંધનું જ કારણ છે. જે રાગ દુઃખરૂપ છે ઝેરરૂપ છે તે અમૃતરૂપ એવા મોક્ષનું કારણ કેમ હોય ? દેવ શાસ્ત્ર–ગુરુની ભક્તિ પૂજા, જિનમંદિર બંધાવવા મોટા ગજરથ કાઢવા આદિ બધું તો ભવભવમાં અનંતવાર કર્યું, શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા અને વ્રત તપ આદિનું આચરણ પૂર્વે અનંતવાર સાંભળ્યું છે અને આચર્યું પણ છે પણ અરેરે ! ખેદ છે કે જે સર્વથા એક જ્ઞાનસ્વરૂપ છે એવા પરમાત્મતત્ત્વને જીવે કદી સાંભળ્યું નથી, આચર્યું નથી.

[ આનંદામૃત નિત્ય ભોજી જ્ઞાન....પાનું ૨ થી ચાલુ ]

નાથને સમીપ લાવતું, રાગને દૂર કરતું જ્ઞાન આનંદામૃતનું નિત્ય ભોજી છે. રાગને દૂર કર્યો ત્યારે ઉત્પન્ન શું થયું? રાગનો વ્યય થયો ત્યારે ઉત્પાદ શેનો થયો? કે અપૂર્વ લબ્ધિની પ્રાપ્તિ થઈ. આનંદના સ્વાદનું નિત્ય ભોજન કરનારું જ્ઞાન ઉદય પામ્યું. ક્ષણિક અનુભવ આવ્યો અને પાછો ચાલ્યો જાય એમ નહિ પણ અનુભવ થયો તે થયો. નિત્ય અનુભવ રહ્યો–એવું સમ્યગ્જ્ઞાન થયું છે. રાગને દૂર કર્યો ને જ્ઞાન સદાય હાજર રહ્યું. નિત્ય આનંદનું ભોજન કરનારું જ્ઞાન સદાય હાજર થયું.

અનાદિથી રાગની પરિણતિ હતી, તેનો અનુભવ હતો, હવે જ્ઞાન પરિણતિ થઈ, તેનો અનુભવ થયો. પુણ્ય–પાપના ભાવનો અનાદિથી પડાવ નાખેલો હતો તે દૂર કર્યો ને જ્ઞાને પડાવ નાખ્યો છે. એ જ્ઞાન અતીન્દ્રિય આનંદના કોળીયા લે છે. પહેલાં રાગના રસના કોળીયા લેતો તે હવે અતીન્દ્રિય આનંદના કોળીયા લે છે. એવું જ્ઞાન પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે.

રાગાદિને દૂર કરતું જ્ઞાન ઉદિત થયું છે–એમ કહ્યું, કેમ કે હજી રાગનો પૂર્ણ અભાવ થયો નથી ને! તેથી રાગને દૂર કર્યો છે એમ કહ્યું છે. રાગાદિને દૂર કરનારું જ્ઞાન કેવું હોય?–કે જે જ્ઞાન અતીન્દ્રિય આનંદને લેતું પ્રગટે તે જ્ઞાન રાગને દૂર કરનારું છે. શાસ્ત્રના ભણતરનું જ્ઞાન કે જેના વેદનમાં રાગ છે તે જ્ઞાન જ્ઞાન જ નથી. રાગને દૂર કરનારું, નિત્ય આનંદ–અમૃતનો આસ્વાદ લેનારું જ્ઞાન કેવું છે? કે ધીર છે, શાંત છે, ઉદાર છે, શાશ્વત છે. પર્યાય છે છતાં એ પર્યાય અક્ષય અમેય છે એમ ચારિત્રપાહુડમાં આવે છે. કેમ કે જે પર્યાય પ્રગટી છે તે હવે પાછી પડવાની નથી. તેથી શાશ્વત છે, અનાકુળ છે અને નિરૂપાધિ છે એટલે કે એ જ્ઞાનમાં પરનું ત્યાગગ્રહણ છે જ નહીં.–એવું મહિમાવંત જ્ઞાન છે.

–પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

## સમાચાર :–

* પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાતામાં બિરાજી રહ્યા છે. નાઈરોબી જવા માટે તા. ૨૯–૧૨–૭૯ ના રોજ તેઓશ્રી સોનગઢથી મંગલ પ્રસ્થાન કરીને મુંબઈ પધારશે અને ત્યાંથી તા. ૧–૧–૮૦ના રાત્રે (તા. ૨–૧–૮૦ની વહેલી સવારે) નાઈરોબી જવા માટે મંગલ પ્રસ્થાન કરશે. નાઈરોબીમાં તા. ૧૧–૧–૮૦ થી તા. ૧૯–૧–૮૦ સુધી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે. આ ઐતિહાસીક મંગલ મહોત્સવ માટે ત્યાંના જૈન સમાજને ઘણો જ ઉમંગ વર્તી રહ્યો છે.

* પૂજ્ય ગુરુદેવશ્રીના નાઈરોબી પધારવાના ઐતિહાસીક મંગલ પ્રસંગની શુભેચ્છાના ઉપલક્ષમાં રાજકોટ નિવાસી સ્વ. શ્રી પ્રભુદાસભાઈ મોહનલાલ ઘીયા તરફથી પોષ વદ ૬ થી ૧૦ સુધી સોનગઢમાં પંચપરમેષ્ઠી મંડલવિધાન પૂજા રાખવામાં આવી હતી.


## વૈરાગ્ય સમાચાર :-

વીંછીયાનિવાસી શ્રી વૃજલાલ લહેરચંદ અજમેરા ( વર્ષ ૭૩ ) તા. ૬-૧૧-૭૯ના રોજ સ્વર્ગવાસ પામેલ છે તેમનો આત્મા વીતરાગીધર્મના પ્રતાપે આત્મોન્નતિ પામો એ જ ભાવના.

સોનગઢનિવાસી અ. સૌ. શ્રી શાન્તાબહેન વ્રજલાલ શાહ (વય ૭૩) ( પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા પં. શ્રી હિંમતભાઈનાં ભાભી )નું હાર્ટની બિમારીથી તા. ૨૬-૧૧-૭૯ ના રોજ દેહાવસાન થયું છે. તેઓ ભદ્રપરિણામી, સરળસ્વભાવી તેમ જ ઉદાર મનવાળાં હતાં. વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમને અત્યંત પ્રેમ હતો. વીતરાગ જિનબિંબ સન્મુખ તેમનું હૃદય ભક્તિભાવથી થનગનાટપૂર્વક નાચી ઊઠતું હતું. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે તેમને અપાર ભક્તિભાવ હતો, જીવનનો શેષ ભાગ તેમણે તેઓશ્રીના સત્સમાગમમાં રહી તેમની ભવતાપશામિની અમૃતવાણીનો લાભ લેવામાં વિતાવ્યો હતો. અંતિમ સમયે પણ ધર્મશ્રવણ કરતાં કરતાં શાન્તિપૂર્વક દેહ છોડયો હતો. ઉપાર્જિત કરેલા ધાર્મિક સંસ્કારો વડે સ્વર્ગસ્થ આત્મા શીઘ્ર સત્પંથે પ્રયાણ કરી પરમાનંદદશાનું ભાજન બનો-એવી શુભ ભાવના.

સોનગઢ નિવાસી ( હાલ મુંબઈ ) શ્રી મનસુખલાલ છોટાલાલ ઝોબાળિયાના દ્વિતીય પુત્ર શ્રી નલિનચંદ્રનું તા. ૭-૧૨-૭૯ના રોજ ૩૫ વર્ષની નાની વયમાં આકસ્મિક અવસાન થયું છે. તેમને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે પ્રીતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીની ભવક્લેશછેદક અમૃતવાણીના શ્રવણનો ઘણો પ્રેમ હતો અને અવારનવાર આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સમાગમનો યથાશક્તિ લાભ લેતા હતા. તેમનો આત્મા વીતરાગ દેવ-ગુરુ-ધર્મના પાવન પ્રતાપે શીઘ્ર આત્મશાંતિ પામો-એવી શુભ ભાવના.

વઢવાણના રહીશ ( હાલ ભાવનગર ) શ્રી પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર ( વય ૮૦ ) નું તા. ૧૨-૧૨-૭૯ના રોજ દેહાવસાન થયું છે. તેઓ સ્વભાવતઃ સજ્જન તેમ જ માયાળુ હતા. લઘુ વયથી જ તેઓ આત્માર્થી હતા અને પૂજ્ય ગુરુદેવના જૂના ભક્તોમાંના એક હતા. તેમને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ગાઢ શ્રદ્ધા તેમ જ અપાર ભક્તિભાવ હતો. અધ્યાત્મતત્ત્વવિષયક ચિંતન તથા અભિરુચિ સારી હતી. 'આત્મધર્મ'ના તંત્રી તથા સંસ્થાના એક આગળ પડતા કાર્યકર તરીકે તેમણે ઘણા વર્ષ સેવા આપી હતી. વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિ તથા તત્ત્વાભ્યાસના સંસ્કારબળે સ્વર્ગસ્થ આત્મા શુદ્ધાત્મતત્ત્વદૃષ્ટિ પામી શીઘ્ર અવિનાશી સુખનું ભાજન બનો-એ જ શુભાંજલિ.




પ્રશ્નઃ– કષાયને પાતળો કરે તો અંતર્મુખ થવાય ને ?


ઉત્તરઃ– બિલકુલ ખોટી વાત છે. સંસારને પાતળો કરે તો સંસાર રહિત થવાય ? ઝેરને પાતળું કરે તો અમૃત થાય ? પુણ્ય ને પાપ બન્ને બંધના કારણ છે, ઝેરરૂપ છે અમૃતથી વિરુધ્ધ ભાવ છે તેમાં બેમાંથી એકને ઠીક અને બીજાને અઠીક માનવો, શુભ ને અશુભમાં ભેદ માનવો–તફાવત માનવો, શુભ–અશુભ બેમાં કાંઈક ફેર છે એમ માનશે તે ઘોર સંસારમાં રખડશે–એમ કુંદકુંદ આચાર્ય કહે છે. ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે, તેની સન્મુખ થવાનું સાધન એ પોતે જ છે. કષાયની મંદતા બીલકુલ સાધન નથી. કષાયની મંદતાના શુક્લલેશ્યાના ભાવ કરીને દ્રવ્યલિંગી નવમી ગ્રૈવેયક ગયો છતાં મિથ્યાત્વ છુટયું નહિ.

પ્રશ્નઃ– આત્મા અને બંધને જુદા કરવાનું સાધન શું ?

ઉત્તરઃ– આત્મા અને બંધને જુદા પાડવામાં ભગવતીપ્રજ્ઞા જ એક સાધન છે. ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, પઠન પાઠન વ્રત તપ આદિ કરવા એ કોઈ સાધન નથી. ભક્તિ–વ્રત–તપ આદિના રાગથી જુદા પડવામાં પ્રજ્ઞા જ એક સાધન છે. રાગથી ભિન્ન સ્વભાવ સન્મુખ ઝુકાવ કરવો, સ્વભાવ સન્મુખ એકાગ્રતા કરવી, ઢળવું એ જ એક સાધન છે. રાગથી જુદા પડવામાં જ્ઞાન સિવાય બીજું કોઈ સાધન છે જ નહિ.

* ભગવાન આત્મા નિર્વિકાર અતીન્દ્રિય આનંદનો પિંડ છે તે વિકારનું કારણ છે જ નહિ. પરદ્રવ્ય ઉપર લક્ષ કરવાથી વિકાર થાય છે પણ પરદ્રવ્યથી વિકાર થતો નથી. પરદ્રવ્ય ઉપર લક્ષ કરવાથી પર્યાય સ્વતંત્ર પોતાથી વિકારરૂપે થાય છે. સ્વદ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ સ્વરૂપ છે તેનાથી પર્યાય નિર્વિકાર થતી નથી પણ સ્વદ્રવ્યનું લક્ષ કરતાં પર્યાય પોતે પોતાથી સ્વતંત્રરૂપે નિર્વિકાર થાય છે અને પરદ્રવ્યનું લક્ષ કરવાથી પર્યાય વિકારી થાય છે તેથી આત્મા એકલો સ્વભાવથી રાગનો અકારક જ છે. જો આત્મા રાગનો અકારક ન હોય તો પરદ્રવ્યથી હઠવાનો–પરદ્રવ્યનું લક્ષ છોડવાનો ઉપદેશ છે તે નિરર્થક ઠરે. તેથી પરદ્રવ્યના લક્ષે જ વિકાર થતો હોવાથી પરદ્રવ્યથી હઠવાનો ઉપદેશ છે. વિકાર થાય

[ અનુસંધાન પાનું ૨૯ ]




૧. ભગવાન તીર્થંકરદેવ વડે ચિંતવન કરવામાં આવેલી અધ્રુવ આદિ બાર-ભાવના વૈરાગ્યની માતા છે. સમસ્ત જીવનું હિત કરવાવાળી છે. દુઃખી જીવોને શરણભૂત છે. આનંદ ઉત્પન્ન કરવાવાળી છે. પરમાર્થમાર્ગને બતાવવાવાળી છે. તત્ત્વનો નિશ્ચય કરાવનારી છે. સમ્યક્ત્વ ઉત્પન્ન કરનારી છે. અશુભ ધ્યાનને નાશ કરનારી છે. આત્મકલ્યાણના અર્થી જીવે હંમેશાં ચિંતવન કરવા-યોગ્ય છે. ( શ્રી ભગવતી-આરાધના, ગાથા ૧૭૧૫ )

૨. જેને ઇન્દ્રિયોનો ક્ષયોપશમ અતિશય તીવ્ર છે એવા ચક્રવર્તી આદિને નવ યોજન દૂરના સ્પર્શનું જ્ઞાન થાય છે. રસના-ઇન્દ્રિયથી નવ યોજન દૂર રહેલા રસને જાણે છે તેથા નવ યોજન સ્થિત ઘાણેન્દ્રિયના વિષયભૂત ગંધને જાણે છે તથા બાર યોજન દૂરના શબ્દનું જ્ઞાન થાય છે અને સુડતાલીસ હજાર બસો ત્રેસઠ ( ૪૭૨૬૩ ) યોજનથી કંઈક અધિક દૂર રહેલા પદાર્થને ચક્ષુ-ઇન્દ્રિયથી જાણે છે.

( શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, પર્યાપ્ત-અધિકાર, ગાથા ૧૦૭-૧૦૮ )

૩. ચિત્તમાં પૂર્વના કરોડો ભવોમાં સંચિત થયેલી પાપકર્મરૂપી ધૂળના સંબંધથી પ્રગટ થતાં મિથ્યાત્વ આદિરૂપ મળને નષ્ટ કરનાર જે વિવેકબુદ્ધિ ઉત્પન્ન થાય છે તે જ વાસ્તવમાં સજ્જન પુરુષોનું સ્નાન છે. તેનાથી ભિન્ન જે જળકૃત સ્નાન છે તે પ્રાણી સમૂહને પીડાજનક હોવાથી પાપ ઉત્પન્ન કરનાર છે. તેનાથી ન તો ધર્મ સંભવે છે અને ન સ્વભાવથી અપવિત્ર શરીરની પવિત્રતા પણ સંભવે છે.

( શ્રી પદ્મનંદિ પંચવિંશતિ, સ્નાનાષ્ટક-શ્લોક ૩ )

તંત્રી : ડો. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૫૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( વાર્ષિક લવાજમ રૂા. ૬=૦૦ )